॥ વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવનસહારો ॥

# ॥ અધ્યાત્મ ॥

(આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું માસિક)

**સંસ્થાપક :** પરમ પૂજ્ય યોગેશ્વરજી

**પ્રકાશક :** સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટ

**આદ્ય તંત્રી :** શ્રી નારાયણ જાની
**સંપાદક :** શ્રી તરલા દેસાઈ-ડૉ. અરુણા ઠાકર
**વ્યવસ્થાપક :** શ્રી આશિષ વી. ગોહિલ P.9428222357
**મુદ્રણ :** વૃન્દા ભૂપેન્દ્ર પટેલ, OLD L.I.G 167, આનંદનગર, ભાવનગર-૫
**લેખો મોકલવાનું સ્થાન :** ૩૦૧/મૂર્તિધામ ડ્રીમ્સ, ભગવતી નર્સરીની બાજુમાં, ડી.કે.પટેલ હોલ સામે, નારણપુરા, અમદાવાદ-૧૩
અધ્યાત્મ' ઈમેઈલ એડ્રેસ : avgohil1@gmail.com
વેબ સાઈટ 'SWARGAROHAN.ORG'
ગ્રાહકોને 'ગ્રાહક નંબર' સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
'અધ્યાત્મ' દર માસની ૧ તારીખે પ્રસિદ્ધ થશે.
આ અંકના ટાઈટલ પેઈજ સાથે કુલ પાનાં ૬૮.
છૂટક નકલ ૮-૦૦। આજીવન **૨૫૧/–**
વિદેશમાં વાર્ષિક રૂા. **૧૬૫૦/–**। આજીવન **૧૬,૫૦૦/–**
'અધ્યાત્મ'માં અધ્યાત્મવિષયક લેખો, ભજનો, ગીતો આવકાર્ય છે.
'અધ્યાત્મ'નું વાર્ષિક લવાજમ બંધ કરેલ છે. તેને બદલે નવા બનનાર ગ્રાહકે ઓછામાં ઓછા બે વર્ષનું લવાજમ રૂા. ૫૦/– ભરવાનું રહેશે.
આ લવાજમ ડ્રાફ્ટ અથવા મનીઑર્ડરથી નીચેના સરનામે મોકલવાનું રહેશે :

**સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટ**

'સ્વર્ગારોહણ', દાંતા રોડ, **અંબાજી.** તા. દાંતા, જી : બનાસકાંઠા

પિન કોડ : ૩૮૫૧૧૦ ફોન નં. ૦૨૭૪૯-૨૬૨૨૬૯

## ॥ ફકીરની સંપદા ॥

એક ફકીર આખી રાત સૂતો જ નહોતો. સમ્રાટે એક મહિનો એના પર નજર રાખી. એ બેઠો હોય, ચાલતો હોય, ફરતો હોય, ઝૂંપડીમાં આંટા મારતો હોય. એક ઝોકું પણ ના ખાય. આ જોઈ અપાર વિસ્મય અનુભવતા સમ્રાટે તેને પૂછ્યું; 'તમારી પાસે છે જ શું કે કોઈ ચોરી જાય ? આ બે-ચાર ફાટેલાં તૂટેલાં વસ્ત્રો, તૂટેલાં-ફૂટેલાં માટીનાં પાત્રો, તમારી જીર્ણશીર્ણ ખાટલી. તમે ચોકી શેની કરો છો રાતભર ?' ફકીરે કહ્યું; 'મારી પાસે એવી સંપદા છે કે જો હું જરા ગાફેલ રહું તો મારા આખા આયુષ્યનો પરિશ્રમ નકામો જાય. એનું જતન જો હું ન કરી શકું તો મારો તો આખો અવતાર જ નિષ્ફળ જાય. બહુ સાવધ રહીને રળેલી મારી સંપદા છીનવાઈ જાય તો મારા અસ્તિત્વનો કોઈ અર્થ જ ન રહે.' આ સાંભળી સમ્રાટ ઑર ગૂંચવાયો. એણે કહ્યું; 'આ રહસ્ય મારી સમજની બહાર છે. કૃપયા તમે જ સ્પષ્ટ કરો.' ત્યારે એ ફકીરે કહ્યું; 'તમારી સંપદા, તમારો વૈભવ તો લૂંટાઈ જાય, તોય તમારે કંઈ ગુમાવવાનું નથી. જ્યારે શરીર-મનના આવરણોમાં કેદ મારા આત્માને શોધતાં મને વર્ષો લાગ્યાં છે. એ છિનવાઈ જાય તો એ સંપદા વિના મારું તો જીવન જ નિરર્થક થઈ જાય.'

**—એક સૂફીકથા**

॥ ૐ યોગેશ્વરાય નમઃ ॥
॥ ૐ મા સર્વેશ્વર્યૈ નમઃ ॥

## ૧૫ ઑગસ્ટ, ૨૦૨૧

(ગુરુ ભગવંત શ્રીયોગેશ્વરજીનો પુનિત પ્રાગટ્યદિન)

## ॥ સ્મરણવંદના વિશેષાંક ॥

'આખી પૃથ્વી મૂર્છિત છે. ક્યારેક ક્યારેક કોઈ એકાદ મનુષ્ય મૂર્છામાંથી બહાર આવી જાય છે. એને આપણે બુદ્ધ કહીએ છીએ, કૃષ્ણ કહીએ છીએ. જિસસ કહીએ છીએ, મોહમ્મદ કહીએ છીએ. એ તેમને કશું આપતા નથી, જે તમારી પાસે છે; એના પ્રતિ તમને સજગ કરી દે છે.'



# અનુક્રમ


| | |
|---|---|
| નિવેદન | ૫ |
| શ્રીયોગેશ્વરકથામૃત | ૬ |
| શ્રીકૃષ્ણસ્મરણનિમગ્ન | ૭ |
| ૧. શત શત પ્રણામ | ૮ |
| ૨. અંતરનો અવાજ સાંભળો | ૧૦ |
| ૩. નિદ્રામાંથી જગાડે ... | ૧૧ |
| ૪. પ્રેમ હોય માટે ... | ૧૨ |
| ૫. સામાન્ય રહી, અંદરથી | ૧૩ |
| ૬. અનુકૂળતાનું બીજું | ૧૪ |
| ૭. સંતને સહુ સરખા | ૧૫ |
| ૮. સંસારમાં જળકમળવત્ | ૧૬ |
| ૯. 'જે કૃષ્ણ તે... | ૧૭ |
| ૧૦. અહીં તો પ્રભ | ૧૮ |
| ૧૧. સ્થિતપ્રજ્ઞ સંત | ૧૯ |
| ૧૨. સ્વીકાર—સંતની ભાષા | ૨૦ |
| ૧૩. પરમાત્માના કાર્યમાં... | ૨૧ |
| ૧૪. સૂર્યનારાયણ એ જ... | ૨૨ |
| ૧૫. 'દિલમાં જ દીવો કરો' | ૨૩ |
| ૧૬. પ્રભુ સાથેની પાવન.. | ૨૪ |
| ૧૭. વ્યવહારદક્ષ મહાત્મા | ૨૫ |
| ૧૮. તે(શંકર) અમે... | ૨૬ |
| ૧૯. આ જ આપણા... | ૨૭ |
| ૨૦. જીવનમાંથી 'કાંટો'... | ૨૮ |
| ૨૧. 'જપ બને તેટલા...' | ૨૯ |
| ૨૨. 'અમે વિદ્યાર્થીના પૈસા ...' | ૩૦ |
| ૨૩. 'ચિત્તની એકાગ્રતા...' | ૩૧ |
| ૨૪. ટિકિટ બે-જગ્યા ત્રણની ! | ૩૨ |
| ૨૫. ગુરુદેવનું અલૌકિક... | ૩૩ |
| ૨૬. 'સંઘર્ષથી ભાગો નહિ,...' | ૩૪ |
| ૨૭. મહાત્માજીના આશીર્વાદ... | ૩૫ |
| ૨૮. 'અમે સૂક્ષ્મસ્વરૂપે...' | ૩૬ |
| ૨૯. સંકટમોચક શ્રીગુરુદેવ | ૩૭ |
| ૩૦. 'સ્વ'માં સ્થિત મહાત્માજી | ૩૮ |
| ૩૧. તમે છત્રી ધરી, અમે... | ૩૯ |
| ૩૨. પૂજ્યશ્રીનો વરદ... | ૪૦ |
| ૩૩. હું તો સ્ત્રી નથી... | ૪૧ |
| ૩૪. સર્વ પ્રકારે રક્ષા... | ૪૨ |
| ૩૫. 'અશક્યને તેં શક્ય કર્યું' | ૪૩ |
| ૩૬. 'છૂટા પડી શકો તો...' | ૪૪ |
| ૩૭. સંત લાગણીશીલ હોય,... | ૪૫ |
| ૩૮. આધ્યાત્મિક હો તો... | ૪૬ |
| ૩૯. સદ્ગુરુની સર્વજ્ઞતા | ૪૭ |
| ૪૦. સંત શિસ્તમાં કઠોર,... | ૪૮ |
| ૪૧. સદ્ગુરુ-હાલતી... | ૪૯ |
| ૪૨. અપરિગ્રહી મહાપુરુષ | ૫૦ |
| ૪૩. આત્મસ્થ મહાપુરુષ | ૫૧ |
| ૪૪. 'ઘર નહિ, મન જોઈએ...' | ૫૨ |
| ૪૫. 'આ સરોજબેન દેવી...' | ૫૩ |
| ૪૬. શ્રી રામકૃષ્ણદેવે ગુરુ... | ૫૪ |
| ૪૭. 'અમે પણ તમારી સાથે...' | ૫૫ |
| ૪૮. પ્રભુએ જાણે... | ૫૬ |
| ૪૯. સ્વચ્છતાનો... | ૫૭ |
| ૫૦. પૂર્વજન્મના પ્રબળ... | ૫૮ |
| ૫૧. અદ્ભુત વક્તાનું... | ૫૯ |
| ૫૨. સ્વયં શિવયોગી સાથે... | ૬૦ |
| ૫૩. સાગરે સંતોને સત્કાર્યા | ૬૧ |
| ૫૪. આત્માઓ સાથે... | ૬૨ |
| ૫૫. 'તમે જ તમારા પર..' | ૬૩ |
| ૫૬. જડ વસ્તુ સાથે જીવંત... | ૬૪ |

## નિવેદન : આત્માને ઓળખાવનાર આત્મવાન્ પૂજ્યશ્રી યોગેશ્વરજીને કોટિ કોટિ પ્રણામ!

'સ્મરણ' એટલે અતીતનો ઝંકાર, પણ એ જ્યારે 'વંદના'નું રૂપ ધારે ત્યારે અપ્રતિમ શ્રદ્ધા તેમજ વિનમ્રતા એમાં ભળતાં, એ ઝંકૃતિમાંથી 'શાશ્વત પ્રેમ'નો રણકાર ઊઠે છે; જે ભાવાભિવ્યક્તિને એક 'આહ્લાદક અવસર' બનાવી રહે છે. 'અધ્યાત્મ'નો આ 'સ્મરણવંદના' વિશેષાંક અધ્યાત્મવિશ્વના મહાન જ્યોતિર્ધરના આધ્યાત્મિક પ્રભાવને પ્રત્યક્ષ અનુભવવા સદ્ભાગી બનનાર એક વિશિષ્ટ ચાહકવર્ગનું પ્રતિનિધિત્વ કરી, એમનાં દર્શન-શ્રવણથી વંચિત રહી જનારને માટે એ પ્રાણવંત ચૈતન્યનાં આંદોલનોના પ્રસારનો શુભ હેતુ સિદ્ધ કરી રહ્યો છે. અલબત્ત, આમાં શિરમોર છે; પૂજ્યશ્રી'મા'ની શ્રીકલમનો પ્રસાદ 'શત શત પ્રણામ' લેખ.

આજે હજારોના હૃદયોમાં પરમ આરાધ્યરૂપે પ્રતિષ્ઠિત પૂજ્યશ્રી યોગેશ્વરજીના ચૈતન્યસંસ્પર્શથી કેટકેટલા-ભક્તો, કઈ કઈ રીતે, ક્યાં ક્યાં જાગ્રત થઈ ગયા છે. એક સંતચેતના કેવા વિધવિધ સ્વરૂપે એમનાં યોગક્ષેમને સાચવી રહી છે, એની વાત દરેક ભક્તે પોતપોતાની લાક્ષણિક રીતે કરી છે.

અંકના પાનાંની મર્યાદામાં, અસીમ ભાવવિશ્વને આલેખવાની અઘરી કામગીરી સાધકોએ અતિશય પ્રેમથી-કુનેહથી બજાવી છે. આમાં વિદ્વાનો, શાસ્ત્રીઓ, પંડિતો, જ્યોતિષીઓ, ઉદ્યોગપતિઓ, ડૉક્ટરો, અધ્યાપકો, ઍન્જિનિયરો, આધુનિક ટૅકનોલોજીના નિષ્ણાતો, યોગના અભ્યાસીઓ, કલાકારો, ગૃહિણીઓ, તેમજ સામાન્ય સરેરાશ જીવન જીવતા લોકોની કલમો છે. ભારે વિવેકથી પોતાની સાદી ભાષામાં એ સર્વેએ પોતાના સદ્ગુરુની ગરિમાપૂર્ણ છબી આલેખવા પ્રયત્ન કર્યો છે.

બધાંની શૈલી અલગ-અલગ છે પણ સૂર એક જ છે : 'સંસારના બધા પોકારો સકારણ છે, એક ગુરુનો પોકાર અકારણ છે. તેઓશ્રીની ઉપસ્થિતિ જ શિષ્યની કલ્યાણકર્તા છે. એમની પાસે રહેવું એ જ 'સત્સંગ'. આ એક જ સંનિધિ એવી છે જેમાં આપણે વિકસી શકીએ. તેઓશ્રીનાં પ્રેમ-કરુણા જ આપણને બદલવા પર્યાપ્ત છે. જેમ નદીને સાગર સુધી પહોંચાડવા ધક્કો મારવાની જરૂર નથી, એમ આપણે જો શ્રદ્ધા-ધૈર્ય રાખીશું તો આપણા સદ્ગુરુ પ્રભુ તરફ આપણને ગતિવંત કરીને જ જંપશે, અને એ પણ સહજ રીતે !' શરીર-મનનાં આવરણોમાં કેદ આત્માને ઓળખાવનાર આત્મવાન્ પૂજ્યશ્રી યોગેશ્વરજીને આપણા કોટિ કોટિ પ્રણામ !'



## ॥ શ્રી યોગેશ્વરકથામૃત ॥

### દક્ષિણ આફ્રિકાનો પુણ્યપ્રવાસ—દિન ૯૧

### તા. ૧૫-૨-૮૩, મંગળવાર, ફાગણ સુદ બીજ ૨૦૩૯

### ડરબન શહેર

પૂ.શ્રીનો નિત્યક્રમ સાડા ત્રણ વાગ્યે શરૂ થાય છે. પરિણામે લેખન પછી થોડો આરામ કરે છે.

આજે મુલાકાતમાં યોગ સૅન્ટરનાં એક બહેન મળવા આવ્યાં છે. તેમની સાથે થોડી વાતો થાય છે.

બપોરે આરામ ને થોડું લેખન.

આજે સ્ટુડિયોમાં ભજનો ટેઈપ કરવાનો કાર્યક્રમ હતો, જેથી રાતના ૭ થી ૧૧નો સમય તેમાં પસાર થયો.

અમારી બેઠક ખુરશી ઉપર હતી. સામે નીચે તબલાં, ઢોલક, હારમોનિયમ, મંજીરાં, સિતાર લઈને એક ગ્રૂપ બેઠું હતું. અમારી પાસે જ રૅકોર્ડ કરવાનું મોટું મશીન હતું. જેનું એક ભાઈ સંચાલન કરતા હતા. બીજાં પણ આઠેક ભાઈબહેનો હતાં.

શરૂઆતમાં સાત ભજનો મેં ગાયાં. પછી વળી પૂ.શ્રીને 'એકાદ ભજન ગાઓ' એવી વિનંતિ થતાં પૂ.શ્રીએ ખૂબ મસ્ત બનીને ચાર ભજનો ગાયાં. તે બધાં જ સંગીત સાથે ટેઈપ થયાં. પૂ.શ્રી આજે ખૂબ મસ્તીમાં હતા.

રાત્રે ઉતારા ઉપર આવ્યાં ત્યારે બાર વાગ્યા હતા. પછી આરામ.

હરિઃ ૐ

—શ્રી 'મા' સર્વેશ્વરી

**તા.ક.** ૧. આ અંકના લેખકોનાં નામ સ્થળસંકોચને કારણે અનુક્રમમાં દર્શાવી શકાયાં નથી. પણ કક્કાવારી પ્રમાણે લેખવાર ગોઠવ્યાં છે. તેની નોંધ લેવા સર્વ વાચકોને નમ્ર વિજ્ઞપ્તિ.

૨. પાનાંની મર્યાદાને કારણે બે-ત્રણ લેખ સમાવી શકાયા નથી, તો દરગુજર કરશોજી.

## ॥ શ્રીકૃષ્ણસ્મરણનિમગ્ન રાધા ॥



શ્રીકૃષ્ણવિરહિત રાધા શ્રીકૃષ્ણની યાદમાં નિમગ્ન બની યમુનાતીરે બેસી રહે છે, તો યમુનાના જલદર્પણમાં એનાં નયનો પોતાનું નહિ, શ્રીકૃષ્ણનું પ્રતિબિંબ નિહાળે છે !

શ્રીકૃષ્ણ જતાં પોતે હવે રહી જ નથી. સંપૂર્ણપણે મટી ચૂકી છે. અસ્તિત્વની એ શૂન્યતા એને અનુભૂતિ કરાવે છે સર્વત્ર વ્યાપ્ત શ્રીકૃષ્ણની પૂર્ણતાની !

પ્રેમમાં નિઃશેષ બન્યા કે અશેષ પરમાત્મા અનિવાર્યપણે પ્રગટે જ છે.

પોતાની ચેતનાના સંપૂર્ણ વિસ્મરણમાંથી જ પ્રભુચેતનાનું સ્મરણ પ્રગટે છે. પરિણામે યમુના જલમાં શ્રીકૃષ્ણને જ નિહાળી રહેલી રાધા વિસ્મયનું નહિ, એટલું સહજ, સૂક્ષ્મ પ્રેમનું સીધું પ્રમાણ બની રહે છે. રાધાના નહોવાપણામાંથી જ શ્રીકૃષ્ણનું હોવું કલિત થાય છે. શૂન્યતામાંથી જ પૂર્ણતાનો આવિર્ભાવ થાય છે.



૧

## ॥ શત શત પ્રણામ ॥

પૃથ્વીપટે પધારેલા હે પરમપુરુષ ! પ્રણામ પ્રણામ પ્રણામ.

૧૯૭૦ ડિસેમ્બરમાં (આજથી ૫૦ વર્ષ પહેલાં) એક ધન્યક્ષણે એ પરમપુરુષ પરમાત્માના સંતસ્વરૂપે દર્શન પામ્યાં. ખાદીનો વેશ, ધીરગંભીર ચાલ, શાંત મુખમુદ્રા, ગુજરાતીમાં એમની અમૃતવાણીનું શ્રવણ કરતાં કરતાં આ જીવનમાં એક આદર્શ સંતસ્વરૂપે પ્રતિષ્ઠિત થઈ ગયા.

૧૯૭૨માં સાધનાત્મક માર્ગદર્શનનો પ્રારંભ થયો અને એ સંતમહાત્મા સદ્‌ગુરુરૂપે જીવનમાં પધાર્યા.

૧૯૭૩માં ત્રીજા દર્શને પ્રભુમય જીવનનો નિર્ણય થયો અને એ સંતપુરુષ જીવનના રાહબર બન્યા. જીવનશિલ્પી બન્યા. અરે ! 'ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ.'

જ્યારે જે જે પદની આવશ્યકતા હતી ત્યારે તે તે સ્વરૂપે પ્રગટ થયા, પધારતા રહ્યા, પ્રતિષ્ઠિત થતા રહ્યા.

કવનમાં ગૂંથાતા રહ્યા :

ॐ

**યોગેશ્વર માવડી રે જન્મોજન્મની**

★

**સાહેલી મેં દીઠી રે સંતસ્વરૂપમાં**

★

**મને ગોવિંદરૂપે ગુરુજી મળ્યા.**<br>**જીવનવાટે મળ્યા છે મુરારિ**

**રામ તમે, ઘનશ્યામ તમે છો**
**શાંતિપ્રદાયક બુદ્ધ છો**
**યોગેશ્વર જ્ઞાનેશ્વરરૂપે**
**દીનબંધુ દીનાનાથ છો**

★

**સંતસ્વરૂપે રે પ્રભુ પોતે આવિયા રે લોલ.**
**પાર ઉતારી રે તૂટીફૂટી હોડલી રે લોલ.**

સંતસ્મરણે, સંતશ્રવણે, સંતદર્શને જાણે જીવનમાં ઉત્સવો ઉજવાયા. ધરતીની ધૂળ જાણે ફૂલ બની ગઈ !

સંતસ્મરણની મહેક અસંખ્ય સ્વજનોએ પણ માણી. વિવિધક્ષેત્રની પ્રતિભા સંતચરણે ઝુકતી રહી. સૌના હૈયે સહજ રીતે પ્રકાશપંથના પૂર્ણયાત્રીની પ્રાણપ્રતિષ્ઠા થઈ.

જ્યાં જ્યાં પ્રતિષ્ઠા થઈ ત્યાં ત્યાં કાયાપલટ પણ થતી રહી. સંતપુરુષની પ્રતિભાને સૌએ પોતાના પાત્ર પ્રમાણે વધાવી. તે તે જીવનમાં શુભ-મંગલ સૂર્યોદય થયો.

જ્યાં જ્યાં સંતસ્મરણ ત્યાં ત્યાં સન્મુખ પ્રગટવાનું વ્રત ઉજવાતું રહ્યું.

★

**'યોગેશ્વર ભગવાન !**
**એ છે મારા જીવનના આરામ !**
**કરુ છું; એના ચરણે કોટી પ્રણામ !'**



## ૨
## ।। અંતરનો અવાજ સાંભળો ।।

પૂજ્ય યોગેશ્વરજી રાજકોટમાં શ્રી શાંતિભાઈ કનેરીયાને ઘરે બિરાજમાન હતા. મુલાકાતનો સમય હતો. વિદ્યાર્થી અવસ્થાના કુતૂહલવશ. મેં પૂ.શ્રીને પ્રશ્ન પૂછ્યો; 'આપ દરેક કામ મા જગદંબાને પૂછીને કરો છો. અમે પણ ઘણીવાર એવી પરિસ્થિતિમાં મૂકાઈ જઈએ છીએ કે અમને ખબર નથી પડતી કે શું નિર્ણય લેવો. અમારા માટે યોગ્ય શું છે. તો અમારે પણ ઈશ્વરની ઈચ્છા જાણવી હોય તો શું કરવું ?'

**પૂ.શ્રી :**—તમારે ઈશ્વરને શું પૂછવું છે ? લગ્ન કરવાં છે ? મે કહ્યું; 'ના, એવું કંઈ નથી પૂછવું.'

**પૂ.શ્રી :**—જુઓ લગ્નજીવનમાં શું સુખ છે ? ૨૦% સુખ છે ને ૮૦% દુઃખ છે. પૂછો તો શાંતિભાઈને સંસારમાં શું સુખ છે ? (શ્રી શાંતિભાઈ મારી આગળ જ બેઠા હતા. કહે; સંસારમાં કંઈ જ સુખ નથી.)

મેં કહ્યું; પણ મહાત્માજી અમને ખબર ના પડે ને ખોટો નિર્ણય લેવાઈ જાય ને કોઈ કર્મ બંધાઈ જાય તો અમારે શું કરવું ? સાચું શું છે. કેવી રીતે જાણવું ?

**પૂ.શ્રી :**—જુઓ, ઈશ્વરની ઈચ્છાને જાણવી તો અઘરી છે. પણ તમે એક કામ કરી શકો જ્યારે પણ કોઈ ઉત્તરનું સમાધાન જોઈતું હોય ત્યારે શાંતિથી બેસો અને તમારા અંતરમાંથી એક અવાજ સંભાળશે. તે હંમેશને માટે સત્ય જ હશે. તેમજ કરવું. શાંતિથી ધ્યાનમાં બેસવું, સત્ય સંભળાશે.

**—શ્રી અજય કલોલા(રાજકોટ)**

૩

## ॥ નિદ્રામાંથી જગાડે એ સદ્‌ગુરુ ! ॥

આજે પૂ.શ્રીમાનું સ્વાસ્થ્ય સારું ન હતું. તેથી સાંજે પોતાના રૂમમાં તેઓશ્રી આરામ કરતાં હતાં. એવામાં પ્રભુ તેમના રૂમમાંથી બહાર આવ્યા ને રાજુભાઈને કહ્યું માને 'હરિઃ ૐ' અને 'જય જગદંબે' કહી જગાડો. પછી એમણે કહ્યું ઊંઘમાંથી માણસને જગાડવાનું કામ બહુ ભારે ! માણસ ગુસ્સામાં ઊઠે ત્યારે 'હરિઃ ૐ' કે 'જગ જગદંબે' પણ કામ ના કરે. માને કહેજો આ તો યોગેશ્વરજીએ કહ્યું એટલે તમને ઊઠાડ્યાં. 'મારું નામ દો—મારો વોટ વાપરો એટલે વાંધો નહીં.' ત્યારબાદ તેમણે શ્રીકૃષ્ણના જીવનનો કાલયવનનો પ્રસંગ સંભળાવ્યો. વાતવાતમાં રમૂજ અને રમૂજમાં પણ ગૂઢાર્થ એ પૂ.શ્રીની ખાસિયત !

★

પ્રભુ સાથે હો એટલે વાતવાતમાં સામાન્ય લાગતી વાતમાંથી ઉત્તમ બોધપાઠ મળે. આજે પ્રભુ આંટા મારતા હતા ત્યારે કદાચ રૂમમાં પ્રકાશ ઓછો લાગ્યો. આથી બારી પરનો પડદો દૂર કર્યો. પછી કહે; 'હવે પ્રકાશ આવે છે ને ?' આપણા જીવનમાં પણ અવિદ્યાનો પડદો આવી ગયો છે આથી પ્રકાશ દેખાતો નથી. એને દૂર કરો એટલે 'આત્માનો પ્રકાશ' તરત જ દેખાશે.

★

**પ્રભુ :** બહેનોની જગ્યા પર જ 'મા'ને સીટ મળી ગઈ એટલે સારું થયું આજુબાજુ કોણ હતું ?

**અતુલ :** તેમની જગ્યા બારી પાસે જ હતી. અને બીજી બાજુ એક સ્ત્રી બેઠી હતી.

**પ્રભુ :** એક બહેન બેઠાં હતાં એમ કહો.

અમ જેવા યુવાનોને સ્ત્રીઓમાં પવિત્ર ભાવનું દર્શન કરાવવા માટે તેમણે 'બહેન' શબ્દપ્રયોગ કર્યો. થોડા સમય પછી પ્રભુ કહે :

''મા' એટલે જગદંબાનું એક દેહધારી અને બીજું જ્યોતિસ્વરૂપ.'

**—શ્રી અતુલ કોન્ટ્રાક્ટર(વડોદરા)**



૪

## ॥ પ્રેમ હોય માટે મળવું જરૂરી નથી ॥

પૂ.શ્રી 'મા'નું સ્વાસ્થ્ય જ્યારે બરાબર ન હતું તે સમયે પૂ.શ્રી સાથે માનસિક રીતે વાત કરવાનો પ્રસંગ બનેલો. આપણા શાસ્ત્રમાં જે જણાવેલ છે કે મહાપુરુષો આપણા મનની વાત તથા વિચારો જાણી લે છે તે બાબત સાક્ષાત્ રીતે પ્રભુ સાથે અનુભવવા મળી. સત્સંગ સમાપ્ત થયા બાદ પ્રભુ ટેબલ ઉપર થોડાં ફળો હતાં, તેની વ્યવસ્થા કરતા હતા. મેં મારા મનના વિચારોથી પ્રભુને પૂછ્યું કે ''મહાત્માજી, 'મા'ને શ્રી કલોલા સાહેબ ઉપર સવિશેષ પ્રેમ છે તો તે શ્રી 'મા'ને મળવા કેમ નથી આવ્યા ?'' શ્રી 'મા'ની તબિયત તો સારી નથી. પૂ.શ્રીના મુખમાંથી તરત જ શબ્દો સરી પડ્યા, ''ભાઈ, જેમ તમારી (ભક્તોની) કક્ષા વધતી જાય તેમ મળવાની ઈચ્છા ઓછી થાય. કાયમ જરૂરી નથી હોતું.''

અમદાવાદમાં યુનિવર્સિટીમાં પૂ.શ્રીનાં પ્રવચનો ચાલતાં હતા. પ્રવચનો પૂર્ણ કરી મા-પ્રભુ સત્યપથ ઉપર આવ્યાં. આંગણામાં થોડી વાતચીત થઈ. સૌ વિખરાયાં. મા-પ્રભુએ અંદર જવા માટે પગલાં ભર્યાં. પ્રભુ એકદમ ઊભા રહીને બોલ્યા, ''હું તમને કહું છું કે આ લક્ષ્મણરેખા છે. (સત્યપથનાં આંગણામાં હાથથી દર્શાવીને) માન, મોહ, ક્રોધ, માયામાંથી છૂટવા માટે આવજો.''

સત્સંગ પૂર્ણ થયા બાદ પ્રભુએ જણાવ્યું કે અમે શરૂઆતથી જ અમારું કામ જાતે જ કરતા. કોઈ કામમાં શરમ નહિ. કચરો પણ જાતે વાળતા. ત્યાં જ સાવરણી પડેલી તે લઈને કચરો કેવી રીતે વળાય તે બતાવ્યું. બે ત્રણ વ્યક્તિ સાથે પૂ.'મા' પણ ખડખડાટ હસી પડ્યાં.

**—શ્રી અમિતભાઇ ચાવાળા(વડોદરા)**

૫

## ॥ સામાન્ય રહી, અંદરથી અસામાન્ય બનો ॥

૧૯૭૯-૮૦ના વર્ષમાં શાંતિકુંજ આશ્રમ, હરિદ્વારથી કન્યા પ્રશિક્ષણ પૂર્ણ કરી અમારે સીધા વડોદરા આવવાનું બન્યું. આશ્રમમાં વડોદરાનાં સ્મિતા વિનોદભાઈ જોશી પાસેથી ઘણીવાર મહાત્મા શ્રી યોગેશ્વરજી વિશે વાતો સાંભળી હતી.

પ.પૂ.શ્રી યોગેશ્વરજી ત્યારે શ્રી જીતુભાઈ ગાંધીના બંગલે અલકાપુરીમાં નિવાસ કરતા હતા. મહાત્માજીના મુલાકાતના સમયે અમે દર્શન કરવા પહોંચ્યાં. અમે ભગવાં વસ્ત્ર અને જનોઈ ધારણ કરેલાં હતાં. જે મહાપુરુષની વાતો સાંભળી હતી તેઓશ્રીને છેક આજે મળાશે, તે પણ ઘણા નજીકથી ! એ વિચારોથી અમે આનંદિત હતાં.

અમને જોઈને મહાત્માજીએ અપૂર્વ શાંતિથી કહ્યું; 'તમે યોગ્ય જગ્યાએ જઈ આવ્યાં છો.'

મને આ મહાપુરુષનું પ્રથમ દર્શન કરતાં જ લાગ્યું કે આ જ મારા સદ્‌ગુરુદેવ પ્રભુ છે. તે પારાવાર પ્રેમના સ્વામી છે. કોઈ અજબ-ગજબનું આકર્ષણ મારા ચિત્તે અનુભવ્યું. અપાર આત્મીયતાભર્યા, શાંત, શીતળ, વિશુદ્ધ, મધુરભાષી મહાન વ્યક્તિત્વથી તે જ ક્ષણે અંતરથી બંધાઈ ગયાં !

અમારી સામે જોઈ એ ગુણનિધાન મહાપુરુષે ભગવાં વસ્ત્રો પર વાત કરતાં કહ્યું, 'સમાજમાં આ રીતે ભગવાં વસ્ત્ર પહેરી બહાર નીકળવાથી બધાંનું ધ્યાન તે તરફ જાય. અને તમારા વિકાસમાં બાધા ઉત્પન્ન થાય. તેના કરતાં આપણે બહારથી બધાંની જેમ સામાન્ય રહેવું પણ અંદરથી અસામાન્ય બનવું ને આત્મિક પ્રગતિ કરવી. તો કોઈ મુશ્કેલી ના આવે.'

તેઓશ્રીની સાદી, સરળ, પારદર્શક વાણીમાં મળેલી સમજ જીવનપર્યંત ઉપયોગી બની રહી. ભગવાં છોડી અમે સમાજમાં પ્રચલિત સાદાં રંગીન વસ્ત્રો પહેરતાં થયાં. આવા વિરલ મહાપુરુષની સંનિધિ અને શરણ મળ્યાનો જીવે સંતોષ અનુભવ્યો.

**–શ્રી અરુણા ઠાકર(અમદાવાદ)**



૬

## ॥ અનુકૂળતાનું બીજું નામ ઈશ્વર ॥

પૂ.યોગેશ્વરજીનાં પ્રવચનો ભાવનગરમાં ચાલતાં હતાં. તેથી મને વારંવાર પૂછે કે તમારી બદલીનું શું થયું ? હું કહેતો; 'પ્રયત્નો ચાલુ છે' હું સત્તાવન દિવસ સુધી ત્યાં હાજર ન થયો. સત્તાવનમે દિવસે યોગેશ્વરજીએ પૂછ્યું, "તમારી બદલીનું શું થયું ?" મેં જવાબ આપ્યો. "કશું જ થયું નથી." ત્યારે તેમણે મને કહ્યું કે, "સુરતમાં પીપલોદ ગામ ઘણું સારું છે. તો જાવ. ત્યાં સુખી થશો." તેવા આશીર્વાદ મેળવી હું અઠ્ઠાવનમા દિવસે સુરત તરફ આવવા નીકળ્યો. સુરતમાં મને બે માસનો પગાર મળ્યો. રહેવા ઘર મળ્યું. બધી જ અનુકૂળતા પૂ.યોગેશ્વરજીએ જ કરી આપી. આ રીતે મારા જીવનની ભૌતિક જવાબદારી પણ પોતે સ્વીકારી મને તેમની રીતે ખૂબ જ મદદરૂપ થયા.

ત્યાર પછી ત્રીજા વર્ષે ફરી પ્રવચનો યોજાયાં. ફરીવાર મને કારમાં બેસાડી ખબરઅંતર પૂછ્યા અને કહે, "પેલું વેલ્ડીંગનું કારખાનું શરૂ કરવાના હતા ને ?" મેં કહ્યું, "હજુ કરેલ નથી." તો મહાત્માજીએ કહ્યું, "કરો. ધીરે ધીરે ચાલશે. કોઈ જાતનો વાંધો આવશે નહિ." પ્રવચન પત્યા પછી ઘરે ગયો પણ ઊંઘ ન આવી. મને ત્રણ વર્ષથી ગુરુદેવ ટકોર કરે છે પણ હું સમજ્યો નહિ. મેં તરત જ મૂડી રોકી વેલ્ડીંગનું કારખાનું શરૂ કર્યું. બે વર્કશોપ થયા. સુદામાની ઝૂંપડી પણ હું સૂરત આવ્યો ત્યારે ન હતી ! આજે બધું જ છે. એ મહાપુરુષની પરમકૃપાથી અમે સૌ સર્વ પ્રકારે સુખી છીએ. એમના શુભાશિષથી જ આજે આનંદમાં છીએ.

**–શ્રી અશોકભાઈ પટેલ(સુરત)**

## ૭
# ॥ સંતને સહુ સરખા ॥

એક વખત પૂ.યોગેશ્વરજી સાથે અમારા કુટુંબના બધા જ સભ્યોને બહાર જવાનું બન્યું. ઘરમાં રસોઈનું કામ હોવાથી હું નથી આવતી એવું નક્કી થયું. પૂ.મહાત્માજીએ જોયું કે શ્રી નારાયણભાઈ, સરસ્વતીબેન, છોકરાઓ બધાં જ છે તો કહે આનંદી કયાં છે ? તો કોઈએ કહ્યું કે રસોઈ બનાવવા ઘરે છે. એક વ્યક્તિએ તો રહેવું પડે ને ! પણ પ્રભુએ કોઈને બોલાવવા મોકલ્યા ને કહ્યું, ''બધાંએ જ સાથે આવવાનું છે.'' પ્રભુનો કેવો આદર્શ વ્યવહાર ! સૌને ન્યાય આપતા. સૌ પર સરખો પ્રેમ. કોઈનો કોઈ રીતે પણ અનાદર ના થાય કે કોઈ લાભથી વંચિત ન રહે તેની તેઓ કાળજી રાખતા. આ રીતનો તેમનો આદર્શ વ્યવહાર હતો.

નડિયાદ શિબિરમાં મારે જવાનું બન્યું. પહેલા જ દિવસે અમારા રૂમમાં ચોરી થઈ. મારી બેગમાંથી કપડાંપાકીટ વગેરે બધું જ જતું રહ્યું. આ ચોરીની વાતની સંતરામ મંદિરના મહંતને ખબર પડી. એમને ખૂબ દુઃખ થયું. તેથી તેમણે એમના માણસો દ્વારા રૂા. ૩૫૧/- પૂ.યોગેશ્વરજીને ન ખબર પડે એ રીતે મારી ઈચ્છા ન હોવા છતાં મારી થેલીમાં જબરજસ્તીથી મૂકી દીધા. મેં પૂ.મહાત્માજીને વાત કરી. તો પૂ.મહાત્માજીએ કહ્યું કે આપણાથી એ પૈસા ન લેવાય. એમ કરો તમે મને એ રકમ આપી દો. હું તેઓને સમજાવીને આપી દઈશ. તેમણે આપણી પાસેથી શિબિરનો એક પણ પૈસો લીધો નથી. તેથી આપણાથી પૈસા ન જ લેવાય. એ પછી મહાત્માજીએ આશીર્વાદ આપ્યા કે શ્રી હરિશ્ચન્દ્રને ઘણા પૈસા આવશે. પ્રભુનો કેવો આદર્શ વ્યવહાર ! (વળી અમને પણ શીખવતા ! પ્રભુની પરમ કૃપાથી આજે આર્થિક રીતે પણ ઘણું જ સારું છે.) તેથી તેમનાં શ્રીચરણે ફરી શ્રદ્ધાનાં બે પુષ્પો ધરું છું.

**—શ્રી આનંદીબેન જાની(મુંબઈ)**



## ૮
# ॥ સંસારમાં જળકમવત્ રહો ॥

પૂજ્ય શ્રી ગુરુદેવ પ્રભુ કપૂરા જ બિરાજમાન હતા શ્રી શારદાફોઈ અને રમેશફુઆના ઘરે. રોજ સાંજે અમારો પૂ.ઈશ્વરકાકા, શ્રી રમેશફુઆ, નિવેદિતા તેમજ મારો પૂ.શ્રી ગુરુદેવ અને શ્રી 'મા' સાથે ચાલવાનો નિયમ.

રસ્તામાં મારા મનમાં ઊઠતા પ્રશ્નો હું કોઈ પણ જાતના સંકોચ વિના પૂ.શ્રી ગુરુદેવને પૂછી શકતી.

હું સવાલ કરું છું કે—''મહાત્માજી મને કહો કે આ જીવનમાં સૌથી ઉત્તમ ''સાધના'' કઈ ?''

પ્રભુ પોતાની અલગ રીતે ચાલતા હોય. પાછળ હાથ રાખીને થોડુંક અટક્યા..,મારી સામે જોઈ કહેવા લાગ્યા...'બધા જ ભાવોથી પર જવું અને રહેવું તે સૌથી ઉત્તમ સાધના.'

પછી એ ત્રિગુણાતીત સ્થિતિ ઉપર આખા રસ્તે વિસ્તારથી ચર્ચા થઈ. સાથે સાથે બીજો એક સવાલ કર્યો ''મને કહો કે આ સંસારમાં અમારે કેમ કરી રહેવું ?''

પ્રભુની દૃષ્ટિ અત્યંત સ્નેહપૂર્ણ રીતે મારી તરફ મંડાઈ અને પ્રભુ એમની સુંદર મધુર મીઠી વાણીમાં કહે છે...''આ સંસારે હંમેશાં જળકમળવત્ વૃત્તિ ધારીને રહેવું.'' આ ''જળકમળવત્'' એ શબ્દ સમજાય છે ? આ સંસારમાં કમળની માફક રહેવું. કાદવ, કીચડરૂપી બૂરાઈઓ તો રહેવાની જ પણ અંતરમાં ઈશ્વરનું નામ-સ્મરણ હંમેશાં રાખવું. ચિત્તને પરમાત્માની સાથે જોડાયેલું રાખવું તો સઘળું આસાન બને.

**—શ્રી આશાબેન ભક્ત(અમેરિકા)**

## ૯
# ।। જે કૃષ્ણ તે જ યોગેશ્વર ।।

એક દિવસ પૂ.શ્રી મને કહે, તમારાં ભાવ-ભક્તિ સારાં છે. મંત્ર આપ્યો, 'ૐ યોગેશ્વરાય નમઃ' અને કહ્યું "જે યોગેશ્વર છે તે જ કૃષ્ણ છે અને કૃષ્ણ છે તે જ યોગેશ્વર છે એ જ તમારું યોગક્ષેમ ચલાવશે. શ્રદ્ધા રાખજો." અમારા વાંસા પર ખૂબ પ્રેમથી વરદ હસ્ત ફર્યો. મને એ રીતે આશીર્વાદ ધર્યા. મારી પ્રભુપંથની યાત્રાના પથદર્શક આ રીતે પ્રભુ બન્યા.

કપૂરામાં પૂ.શ્રી અમારે ઘરે પધાર્યા. સ્વાગત કરી એમના માટે દૂધ બનાવ્યું તે લઈ ગઈ. એ દૂધભરેલા પાત્ર પર દિવ્ય દૃષ્ટિ કરીને કહ્યું, "તમારા દૂધના પાત્રમાં નાખી દેજો જેથી કુટુંબના બધા સભ્યોની બુદ્ધિ શુદ્ધ થશે. એમ કહી મને એ ગ્લાસ પાછો આપે છે. હું પૂ.પ્રભુની સામે જોતી હતી. મારી આંખનાં આંસુ જોઈને પ્રભુ કહે, તમારી ઈચ્છા છે તો સાકર આપો. હું સાકર લઈશ." હું સાકર લઈ આવી. પૂ.શ્રી સાકરનો એક ટુકડો મુખમાં મૂકે છે અને બીજી સાકર મને પ્રસાદી તરીકે પાછી આપે છે. અને પોતાની મધુર વાણીથી ફરી શુભાશિષ આપતાં કહે છે કે, "આ સાકર જેવું મીઠું જીવન તમારું બનો.' મધુમય જીવનના આશીર્વાદ પામીને હું સાચે જ તેમના પ્રેમમાં ભીંજાણી.

કપૂરામાં એક દિવસ પૂ.શ્રી પાસે મૌનમંદિરમાં ક્યારે જઈએ તેવી આજ્ઞા માગી તો પૂ.શ્રી કહે, "મૌનમંદિરમાં હવે જશો નહિ." પછી મારા પગથી મસ્તક સુધી પ્રેમાળ દૃષ્ટિપાત કરી કહે, "આ ઘરને જ મૌનમંદિર બનાવો" (આ શરીરને જ મૌન મંદિર બનાવો)

**–શ્રી ઈલાબેન ભક્ત(અમેરિકા)**



## ૧૦
# ।। અહીં તો પ્રભુ ભક્તને સ્મરે ! ।।

પ્રભુ અત્રે રોજ ધ્યાનમાં બેસતા. તો મેં એક દિવસ પ્રભુને પૂછ્યું, "તમે રાત્રે ધ્યાનમાં શું કરો છો ?" પ્રભુએ કહ્યું, "અમે બધાં જ તીર્થોમાં ફરી આવીએ છીએ અને અમારા નજીકના ભક્તો છે તેમને ખૂબ જ પ્રેમથી યાદ કરીએ છીએ." ભક્ત તો ભગવાનને યાદ કરે પણ અહીં પ્રેમની રીતમાં તો પ્રભુ ભક્તને યાદ કરે છે. પ્રભુ યાદ કરી એમના અંતરંગ ભક્તોનું પરમ કલ્યાણ કરી રહ્યા છે.

એક વખત પ્રભુની રસોઈ બનાવવામાં ૧૦ મિનિટ મોડું થઈ ગયું. હું પાટલા, થાળી વગેરે ગોઠવતી હતી. પ્રભુએ શાંતિથી કહ્યું, "સમય થઈ ગયો છે. અમારે ભોજન નથી લેવું." મારી આંખમાંથી આંસુ પડવા માંડ્યાં. ત્યારે પ્રભુ થોડીવાર પછી કહે, "લાવો ત્યારે ! શંકરદાદા ! ગોપાલદાદા !" એમ કહી વાડકીમાં ચમચી લઈ પૂ.'મા'ને ભોજન માટે બોલાવે છે. પૂ.મા-પ્રભુનું ભોજન પણ ખૂબ આનંદભર્યું હતું. ભોજન કરતાં પ્રભુ હળવી રમૂજ એટલી કરાવે કે પૂ.'મા' ભોજન લઈ શકતાં નહિ. એ દિવસો જીવનના સુવર્ણમય દિવસો હતા.

પ્રભુ જ્યારે અમારે ત્યાં જ હતા, ત્યારે ૧૦ મા ધોરણની બૉર્ડની પરીક્ષાનું પરિણામ જાહેર થવાનું હતું. હું નાપાસ થઈશ એવી મને ખૂબ ચિંતા થતી ! પ્રભુને પ્રણામ કરવા ગઈ તો મારા મનમાં વિચાર આવ્યો કે પ્રભુ જગદંબા 'મા'ને પૂછીને કહે તો કેવું સારું ! હું પ્રણામ કરીને મારું પરિણામ લેવા ગઈ. પરિણામ લઈ પાછી ફરી. પૂ.મા-પ્રભુને પ્રણામ કરવા ઉપર ગઈ. તો પૂ.મા કહે, "હસતું મોં લાગે છે. માટે કલ્પુ જરૂર પાસ થઈ હશે." પછી પૂ.'મા'એ એક કાગળ બતાવ્યો. તેના પર લખ્યું હતું, "કલ્પુ પાસ થઈ ગઈ છે, જરાય ચિંતા કરશો નહિ." જગદંબા 'મા'એ લખી આપ્યું હતું. તે વખતે પ્રભુ આરામ કરતા હતા. મારો નાનકડો વિચાર પ્રભુ જાણીને જવાબ આપતા.

**–શ્રી કલ્પુબેન(વડોદરા)**

૧૧
## ॥ સ્થિતપ્રજ્ઞ સંત સદા ॥

પૂ.શ્રી ગંગાજીની એક ભાવવંદનાના સાક્ષી તરીકે હું અને શાંતિભાઈ ઘાટના પગથિયા પર ઊભા હતા. સ્નાન કર્યા પછી પૂ.શ્રી એ અમને પૂછ્યું, 'તમારે સ્નાન નથી કરવું ?' અમે કહ્યું, "અમારી પાસે અત્યારે સ્નાન માટેનાં ટુવાલ અને કપડાં નથી." પૂ.શ્રીએ તુરત જ કહ્યું, "સ્નાન માટે હું મારું પંચિયું અને ટુવાલ આપું છું. તમે અત્યારે જ સ્નાન કરી લો." અમને આગ્રહ કરી સ્નાન કરાવતાં કહે, "અમારું કામ જ આ છે. સ્નાન કરાવી અંતરના મેલ ધોતા રહેવાનું."

★

પૂ.શ્રી વિવેકાનંદ હૉસ્પિટલ, અમદાવાદમાં હાર્ટઍટેકની ગંભીર માંદગીના બિછાને હતા. માંદગી એટલી ગંભીર હતી કે ડૉક્ટરોએ જાહેર કરી દીધું હતું કે શ્રી યોગેશ્વરજી ચોવીસ કલાકથી વધારે નથી. પાર વિનાની શારીરિક પીડા હોવા છતાં તેમનું મન એટલું જ શાંત અને સ્વસ્થ લાગતું. કોઈ જાતનો ઉચાટ કે વિહ્વળતા એ મુખમંડળ પર વરતાતી નહિ. તેમના દૈનિક કાર્યોમાં પણ ચંચળતા કે વ્યગ્રતાનું નામનિશાન જોવા મળતું નહિ !

મૃત્યુ જાણે સામે જ રાહ જોઈને ઊભું હતું તેવા સંજોગોમાં તેમના દૈનિક ક્રમ પ્રમાણે તેમની દાઢી કરવાનો પ્રસંગ ઊભો થયો. મૃત્યુને જાણે તેઓ કહેતા હતા કે તું થોડીવાર થોભ, હમણાં જ દાઢી કરાવીને તૈયાર થઈને આવું છું.

આ મહાપુરુષની મનોભૂમિકા તો જુઓ ! ગીતામાં વર્ણવેલી સ્થિતપ્રજ્ઞ અવસ્થાનાં લક્ષણો સાક્ષાત !

**–શ્રી કલ્યાણજી(રાજકોટ)**



૧૨
## ॥ સ્વીકાર-સંતની ભાષા ॥

એક વખત પૂ.શ્રી ટ્રેનમાં મસૂરી જતા હતા. અમે પણ પ્રભુનાં દર્શન કરવા સ્ટેશન ગયાં. મનમાં થયું કે આપણે પૂ.શ્રી માટે શું કરીએ ? મારા પતિએ નાળિયેર લઈ તેનું પાણી કાઢ્યું. ટ્રેન આવી ભક્તો સૌ પ્રણામ કરતાં હતાં. અમે નવાં જ હતાં. પૂ.શ્રીને પાણી આપવા બે હાથ લાંબા કર્યા. પૂ.શ્રીએ પ્રેમથી સ્વીકારી થોડું પ્રસાદ માટે પાછું આપ્યું. પૂ.શ્રી આપણું સ્વીકારશે કે કેમ તેવી શંકા હતી. તેથી પહેલાં એક વડીલને પૂછ્યું હતું તો સ્પષ્ટ શબ્દોમાં ના પાડી હતી. પણ પ્રયત્ન ચાલુ જ રાખ્યા તો પ્રભુએ ભાવે સ્વીકાર્યું. અમારા પ્રત્યે પૂ.શ્રીની આંખોમાં જે ભાવ હતો તે જોઈને ખૂબ આનંદ થયો. આ પ્રસંગ પછી નક્કી કર્યું કે વચ્ચે કોઈને ન રાખતાં સીધે સીધો જ સંપર્ક રાખવો. જો કે પૂ.શ્રીનું વ્યક્તિત્વ એટલું પ્રભાવશાળી હતું કે થોડોક ભય લાગતો, ક્યાંક ભૂલ ન થાય !

વડોદરામાં શિબિર હતી. તેમાં સવારની પ્રાર્થના કરાવવાનું કામ પૂ.શ્રીએ મને સોંપેલું. તે કાર્ય નિયમિત થાય છે કે કેમ તેની કાળજી રાખતા. શિબિરમાં વચ્ચે વિશ્રામનો સમય હતો. પૂ.શ્રી રસ્તેથી પસાર થવાના હતા તે રસ્તાની ખૂબ નજીક હું બેઠી હતી. ત્યાં અચાનક મારા માથા પર પોતાનો વરદ હસ્ત મૂક્યો. મને તે દિવસે ધન્યતાનો અનુભવ થયો. આ પ્રસંગ જોનાર શ્રી સુશીલાબેન કહે, "તમને તો બાહુમાં બળ મળી ગયું !" કારણ તે દિવસે 'બાહુમાં બળ દે...' ગાયેલું. મારા વ્યક્તિગત વિકાસ માટે પ્રભુએ આજે ઘણી મોટી કૃપા મારા પર વરસાવી ! તેમના શ્રીચરણે આજે એ પ્રસંગ યાદ કરી ફરી ફરી પ્રણામ કરું છું.

**–શ્રી કુંદનબેન રાણા(વડોદરા)**

૧૩

## ॥ 'પરમાત્માના કાર્યમાં હસ્તક્ષેપ સારો નહિ' ॥

૧૯૮૧ના નવેમ્બરમાં એલ.એ.માં શ્રી છગનભાઈને ઘરે સત્સંગ પૂરો થતાં મણિબેન માલતીબેનની બાયપાસ સર્જરી માટે પૂજ્યશ્રી યોગેશ્વરજી પાસે પ્રસાદ યાચે છે. શ્રી યોગેશ્વરજી એક સફરજન આપે છે, તે રાત્રે માલતીબેન સુધી પહોંચાડી શકાતું નથી. ને બીજે દિવસે એમના શરીર શાંત થઈ ગયાના સમાચાર આવે છે. એ જ સમયે પૂજ્યશ્રી પૂજ્ય'મા'ને એ વાત પોતાની દિવ્યશક્તિથી જણાવી રહ્યા હતા !

એની સાથે જ એક અનોખી ઘટના ઘટે છે. પૂ.શ્રી ગુરુદેવ સાથે પૂ.શ્રી ઈશ્વરભાઈ ''પરમાર્થી'' પણ હતા. પૂ.શ્રી ગુરુદેવ એમને એક ચીઠ્ઠી આપે છે અને કહે છે કે ''રાખી મૂકજો દેવ સ્થાનમાં. અમે કહીએ ત્યારે વાંચજો.'' બીજા દિવસે પરમાર્થીને પૂ.શ્રી એ ચીઠ્ઠી વાંચવા કહે છે તો અંદર આજ માહિતી હોય છે. ''માલતીબેનના શરીર શાંત થવાથી'' પૂ.શ્રી કહે છે ''પ્રસાદ સમયસર મળ્યો હોત તો મદદ થાત, બચી જાત.'' તો પરમાર્થી કહે છે; 'આપે કાલે જ કેમ ના જણાવ્યું ? ખબર હોત તો પ્રસાદ વિનાવિલંબે પહોંચાડ્યો હોત.' પૂ.શ્રી કહે છે ''પરમાત્માના કાર્યમાં હસ્તક્ષેપ સારો નહિ.'' કેટલી બધી શક્તિ છતાં શક્તિનો સંપૂર્ણપણે સંયમ !

**–શ્રી કંચનબેન ભગવાનજી(લૉસ એન્જલસ)**



૧૪

## ॥ સૂર્યનારાયણ એ જ ગુરુનારાયણ ॥

હું ભોજન લેતાં પહેલાં 'સૂર્યનારાયણ' બોલ્યા પછી જ ભોજન લેતી. પ્રભુને ખબર હતી. પ્રભુ તલોદ જતા હતા. મને કહે, ''સૂર્યનારાયણ એટલે શું ?'' મેં પ્રભુના મુખમંડળ તરફ જોયું તો પ્રભુના મુખની આસપાસ સૂર્યનું તેજ ઝળહળતું હતું. આવા જ પ્રકાશની આભા પૂ.'મા'ના મુખમંડળની આસપાસ પણ હતી. પ્રભુએ કહ્યું, ''ઘણો વખત થયો 'સૂર્યનારાયણ' બોલ્યે. હવે 'લક્ષ્મીનારાયણ' 'ગુરુનારાયણ વગેરે બોલો તો પણ ચાલે. શું બોલશો ?'' મેં કહ્યું, 'ગુરુનારાયણ' અને ત્યારથી 'ગુરુનારાયણ'નું વ્રત છે. પ્રભુએ કૃપા કરીને કહ્યું, અથવા તો મને દર્શન કરાવ્યું કે સૂર્યનારાયણ અને ગુરુનારાયણ એક જ છે. પ્રભુએ કૃપા કરીને જ એમનામાં પ્રેમ જગાડ્યો.'

હું પ્રભુ માટે ભોજન બનાવવા જતી. રસોઈ તૈયાર થઈ જાય એટલે પ્રભુના રૂમમાં રસોઈ મૂકી બહાર આવતી રહેતી. પ્રભુ જાતે જ ભોજન લઈ લેતા. મને બહાર વિચાર આવ્યો કે પ્રભુ મને પીરસવા બોલાવે તો કેવું સારું ? ત્યાં જ પ્રભુએ ''હરિ ૐ'' કહ્યું. હું અંદર ગઈ. પ્રભુએ કહ્યું, ચાલો, કૈલાસબેન થાળી પીરસો. હું મૂંઝવણમાં પડી ગઈ. અંતરમાં આનંદ હતો. પણ ઊભી જ રહી ગઈ. પ્રભુએ કહ્યું, અડધી ભાખરી પૂ.'મા'ની થાળીમાં અને અડધી ભાખરી મારી થાળીમાં મૂકો. હું ઊભી જ હતી. પૂ.માએ બે ચમચી હાથમાં આપી. ચમચીથી જ ભાખરીના ટુકડા કર્યા. ચમચીથી જ શાક પીરસ્યું. પ્રભુએ ભોજન લીધું. આજે પ્રભુની થાળી પીરસી ધન્ય બની. અંતરમાં આનંદ આનંદ થઈ ગયો.

**–શ્રી કૈલાસબેન જોશી(વડોદરા)**

૧૫

## ॥ દિલમાં જ દીવો કરો ॥

પરમ પૂજ્ય મહાત્માજી શારદાબેનને ત્યાં પધાર્યા હતા. કપૂરામાં સાંજે પ્રવચનોની હારમાળા ચાલતી. પણ દિવસ દરમ્યાન ત્યાંના નજીકનાં ગામોમાં જવાનું મહાત્માજીને બનતું. એક દિવસ સવારે વામનભાઈ દૂધ આપવા ગયા ત્યારે મને થયું કે મહાત્માજી મને લઈ જાય તો ! હું ભીખીબાને પણ કહેતી કે બહેનોને લઈ જાઓ. મને કોઈ દિવસ લાભ મળ્યો નથી. તે જ દિવસે પ્રભુ ઉનાઈ જવાના હતા. અને મહાત્માજીએ મોહનલાલને કહ્યું કે ગંગાબેનને લઈ આવો. મહાત્માજીએ પોતાની જ ગાડીમાં બેસાડીને પ્રશ્નો પણ પૂછવાની છૂટ આપી. એ રીતે મહાત્માજીએ મારી ઈચ્છા પૂર્ણ કરી મને ધન્ય કરી.

કપૂરા શારદાબેનને ત્યાં ઉતારે જવાનું બન્યું. મેં પ્રશ્ન પૂછ્યો કે ભાવેશને શ્વાસની તકલીફ છે. શું કરવું ? તો મહાત્માજીએ મૃત્યુંજયના જપ કરવા કહ્યું હતું. અને મંત્ર મને એક પૂંઠા પર લખી આપ્યો હતો. એ રીતે પ્રભુએ મદદ કરી.

પ્રભુ કપૂરામાં પ્રવચન માટે પધાર્યા ત્યારે ભોજન (પૂ.માના જન્મસ્થળે) અમારે ઘરે લેવા પધારતા. એક દિવસ મેં પ્રશ્ન પૂછ્યો કે પ્રાર્થના કરતી વખતે દીવો કરવો જ પડે ? તો મહાત્માજીએ કહ્યું કે દિલમાં જ દીવો પ્રકટાવો. અગરબત્તી કરીને પણ પ્રભુની પ્રાર્થના થઈ શકે.

**–શ્રી ગંગાબેન ભક્ત(કર્પૂરવન)**



૧૬

## ॥ પ્રભુ સાથેની પાવન પળો ॥

૧૯૭૨ના ફેબ્રુઆરી માસમાં એક લગ્નપ્રસંગે વતન જવાનું થયું. ત્યારે પ્રભુ ભાવનગર પધારેલા હતા. મેં ભરતકુમારને વિનંતિ કરી તેઓ કબૂલ થઈ ગયા. અમે ભાવનગર પહોંચ્યા તે દિવસ શિવરાત્રિનો હતો. પ્રભુ કાકાને કહે; 'બે ગાડી બોલાવો આપણે આજે જ્યોત્સ્ના આવી છે તો ગૌતમેશ્વરની યાત્રાએ જઈએ.' તેમણે ખૂબ સરસ સાન્નિધ્ય આપ્યું.

બીજે દિવસે સવારે ભાવનગરથી મુંબઈ પાછા જવા નીકળવાનું હતું. મહાત્માજી તે દિવસોમાં ક્યારેક વેણીભાઈના બંગલે પણ રોકાતા. તે દિવસે પણ ત્યાં રોકાવાના હતા. હું વિદાયના પ્રણામ કરવા ગઈ. મારે બીજે દિવસે સવારે છ વાગ્યાની બસ પકડવાની હતી. મને થયું કે કાલે નીકળતી વખતે તો દર્શન નહિ થાય માટે મને ખૂબ રડવું આવ્યું. મહાત્માજીએ તે યજમાન મંજુબેનને કહ્યું; 'ચાલો, સરદાનગર મૂકવા. કાલે સવારે જ્યોત્સ્ના જવાની છે.' પૂ.શ્રી ઘરે આવ્યા સવારે કદી સાડા પાંચે પૂ.શ્રીનાં દ્વાર ના ખૂલે પણ તેમણે ખોલ્યાં. અમે પ્રણામ કર્યા. તેમણે મસ્તક પર હાથ મૂકી આશીર્વાદ આપ્યા પ્રસાદ આપ્યો. હું તો તેમના પ્રેમથી એવી ભીંજાઈ ગઈ ! અમદાવાદ સુધી કંઈ જ બોલી ના શકી. પૂ.શ્રીનું માતા સમાન પ્રેમાળ હૃદય સતત યાદ આવ્યા જ કરતું હતું. આજે પણ એ સ્મરણ રડાવી જાય છે. મારા જીવનનો એ સૌથી વધુ યાદગાર પ્રસંગ છે. પ્રભુ સાથેની એ પાવન પળોમાં શાશ્વતીનું અત્તર છે.

**–શ્રી જ્યોત્સ્નાબહેન ત્રિવેદી(મુંબઈ)**

## ૧૭
# ॥ વ્યવહારદક્ષ મહાત્મા ॥

પૂ.'મા'ને બીમારી મારે ત્યાં આવી. પૂ.શ્રી જ પૂ.'મા'ની સેવા કરતા. ભરતભાઈ સિવાય કોઈને પણ પૂ.'મા'ના રૂમમાં પ્રવેશ નહિ. ગ્લુકોઝના બાટલા અને દવા લેવા હું નીકળ્યો. એક અજાણી ભીલબાઈ સાથે ઍક્સિડન્ટ થયો. હવે પોલીસકેસ થશે તો ? મને ડર હતો. પ્રભુને વાત કરી. પ્રભુએ કહ્યું, ''કશું જ નહિ થાય.'' અને સાચે જ તે બહેનને બ્રેઈન હેમરેજ થયું પણ અંતે તે સારી થઈ ગઈ અને મને સાચે જ કંઈ ન થયું.

મહાત્માજી કુંદનબહેનને કહેતા કે તમારા છોકરા-છોકરીના વિવાહ કરો ત્યારે મને પૂછીને જ કરજો. પ્રભુએ બધું જ કાર્ય પણ જાણે હાજર રહીને પૂરું કર્યું. અમારો બધો જ ભાર પ્રભુ જ વહન કરે છે. જે મારે શરણે છે તેનું યોગક્ષેમનું વહન હું કરું છું. તે વચન પ્રભુ મારા જીવનમાં પાળી રહ્યા છે. તેવા પરમ કૃપાળુ દેવને પ્રણામ !

પૂ.મહાત્માજીમાં કોઈ જડતા નહિ. ખૂબ જ વ્યવહારકુશળ આદર્શ માનવ. એક વખત પૂ.શ્રીના પ્રવચનમાં શ્રી માણભટ્ટને બોલાવ્યા હતા. તેમનું અભિવાદન પ્રવચન પછી કરવાનું હતું. પણ આયોજકોનું વિસ્મરણ તેથી હાર તેઓ લાવ્યા ન હતા. પૂ.શ્રીએ પૂછી જોયું, હાર ન હતો. તેથી મને કહે, ''લો આ હાર એમને પહેરાવી દો'' એ વ્યક્તિ પણ ભાગ્યશાળી કે પ્રભુને ચડાવેલો હાર એને મળ્યો ! વળી, કોઈનું કંઈ બગડે નહિ અને પ્રસંગ સચવાઈ જાય એવી પ્રભુની દૃષ્ટિ.

પ્રભુ સાચે જ સમર્થ સદ્‌ગુરુદેવ છે.

પૂ.'મા' ગૃહત્યાગ કર્યા પછી પૂ.શ્રી સાથે રહેવા આવ્યાં. જાહેર પ્રવચનમાં પૂ.'મા' સૌની સાથે ખૂબ જ વિનમ્રતાપૂર્વક નીચે જ બેસતાં. સૌના આગ્રહથી પૂ.'મા'ને સ્ટેજ પર બેસવાનું બન્યું. સૌ ઘેલી બહેનો પૂ.'મા'ની આસાપાસ પ્રવચન પૂરું થતાં ટોળે વળે તે પૂ.શ્રીને ગમતું નહિ. મને કહેતા કે, ''જીતુભાઈ, આમને સૌને શિસ્ત શીખવો. પૂ.'મા' સ્ત્રી સંત જ છે. તેમની સાથે કેવો વ્યવહાર કરવો.'' પ્રભુ પ્રત્યક્ષ જીવન જીવવાની પાઠશાળા જ છે. જેમાં આદર્શ જીવન જીવવાના પાઠ ભણાવાય છે.

**–શ્રી જીતુભાઈ ગાંધી(વડોદરા)**



## ૧૮
# ॥ તે(શંકર) અમે જ છીએ ॥

મહાત્માજી જ્યારે મણિનગરમાં તરાબહેનને ત્યાં હતાં ત્યારે મારે દર્શન અને પ્રણામ કરવાનું બન્યું. મેં મંત્ર માટે વાત કરી. પ્રભુએ કહ્યું, ''તમારા ઈષ્ટદેવ શંકર છે ને?'' ''પણ મારા મનમાં તો તમારા માટે ભાવ છે'' મેં કહ્યું. તો પ્રભુએ સહજ રીતે કહ્યું; ''તે (શંકર) અમે જ છીએ.''

પ્રભુ અમદાવાદ ઉતર્યા હતા. મારે પ્રભુની રસોઇ બનાવવા જવાનું થતું હતું. પ્રભુ ૯ થી ૧૧ કલાક સુધી પોતાનું લેખનકાર્ય કરતા. લેખનકાર્ય પૂરું થયા પછી પ્રભુ ધીમેથી રસોડામાં આવી પૂછતા કે ''તૈયાર થઇ ગયું?'' ''હા પ્રભુ.'' ''શાંતિથી કરો.'' પછી પ્રભુની થાળી તૈયાર કરી હું ગરમ ગરમ રોટલી પીરસું તો પ્રભુ મને પ્રોત્સાહિત કરવા તેનાં વખાણ કરતા. અને તેમનાં કરુણા અને આશીર્વાદ વરસાવતા. પ્રભુ પોતે ભોજન લીધા પછી મને કહે, ''તમે અહીં ભોજન કરજો.'' પ્રભુના હાથે મને પ્રસાદ મળતો. હું ધન્યતા અનુભવતી.

એકવાર પૂ. પ્રભુને મેં એક પ્રશ્ન પૂછ્યો કે, ''તમે ઘણાના મસ્તક પર હાથ મૂકો છો તો અમારા મસ્તક પર કેમ મૂકતા નથી?'' પ્રભુ કહે, ''એની બધાને જરૂર હોતી નથી. કોઇ જીવને મદદરૂપ થવા કે બૂરાં વ્યસનોમાંથી બચાવવા માટે આ રીતે આશીર્વાદ આપીએ છીએ. અમે આશીર્વાદ સંકલ્પથી, પ્રાર્થનાથી અને દૃષ્ટિથી પણ આપીએ છીએ.

પ્રભુ એકલા જ હતા. પૂ. માને કોઇ કારણસર કપૂરા જવાનું હતું. રોજ સવારે રસોઇ બનાવી ભોજન કરાવી રાત્રે બહારથી તાળું વાસીને મારે જવાનું બનતું. મને ખૂબ દુઃખ થતું કે અરે! પ્રભુને આપણે બંધ કરીને જવાનું ? મારી આંખમાં આંસુ આવી ગયાં. પ્રભુ કહે, ''કેમ ?'' મેં કહ્યું, ''અમે તાળું વાસી જઈએ છીએ તેનું દુઃખ છે. ''પ્રભુ કહે, ''અમને કોઇ તાળાં ને બંધન નથી.'' પ્રભુની અલૌકિક શક્તિનો તે દિવસે મને ખ્યાલ આવ્યો.

**શ્રી દમયંતીબેન ઠાકર(અમદાવાદ)**

૧૯

## ॥ આ જ આપણા તો સ્વામિનારાયણ અને બધું જ ॥

પૂ. મા-પ્રભુ જ્યારે નંદુભાઈને ત્યાં (અમદાવાદમાં) આરામ કરવા રહ્યાં હતાં ત્યારે પૂ. માનું શરીર અસ્વસ્થ હતું. અમે સૌ કપૂરાથી પૂ. માનાં દર્શને આવ્યાં હતાં. પ્રભુએ અમને પ્રેમથી કહ્યું, "તમે અહીં બેસો." પૂ. માને તાવ આવે છે. માટે આરામ કરવા દો. પૂ. શ્રીએ તે દિવસે મારા પતિ સુરેશભાઇ સાથે ઘણી વાતો કરી. પ્રભુએ ખૂબ પ્રેમથી શ્રી રાજુભાઇ પુરોહિતને કહ્યું કે, "મા સર્વેશ્વરીને કહો કે મા કૃપા કરો." હે દક્ષિણેશ્વરની દેવી તમે કૃપા કરો." "દર્શનાર્થીઓનો સમય થયો છે માટે હે ત્રિપુરાસુંદરી મા તમે કૃપા કરો." પૂ. પ્રભુની કૃપાથી જ પૂ. માનાં દર્શનનો લાભ મળ્યો ને પ્રભુ પૂ. માને કેવા આદરભાવથી સન્માનતા તે શબ્દો સાંભળવાનો અલૌકિક લાભ મળ્યો.

સ્વામિનારાયણ સંપ્રદાયનો ઉત્સવ અમદાવાદમાં ઉજવાતો હતો. તે પ્રસંગે ગામમાંથી બસ જતી હતી. હું અને સરોજ પણ હતાં. તે સમયે શ્રી મા-પ્રભુ વડોદરા વિરાજતાં હતાં. અમારું હૃદય અમદાવાદ જવા માટે આનાકાની કરતું હતું. અને અમે વડોદરાના રસ્તે ઉતરી બીજી બસમાં વડોદરા પહોંચી ગયાં. તો બપોરની બેઠક લગભગ પૂરી થવા આવી હતી. અમે ગયાં, પ્રણામ કર્યા. અમે ખૂબ જ આનંદમાં હતાં. પ્રભુ કહે, "આવી ગયા?" આ શબ્દો ખૂબ જ પ્રેમથી કહેવાયા હતા. અને કહ્યું, "તમે બેસો." "શ્રી શ્રીમા તમારી સાથે બેસશે." પૂ. માએ અમને પ્રેમ-મહાસાગરમાં સ્નાન કરાવતાં કહ્યું હતું, "આ જ આપણા તો સ્વામિનારાયણ અને બધું જ."

**શ્રી દમયંતીબેન ભક્ત(કર્પૂરવન)**



૨૦

## ॥ જીવનમાંથી 'કાંટો' કાઢી નાખ્યો! ॥

૧૯૮૨ માં એક દિવસ કોટયર્ક નગરમાં પૂ. શ્રીના સત્સંગની બેઠકમાં જવાનું બન્યું. તે દિવસે ગુરુવાર હતો, મેં મનમાં નિશ્ચય કર્યો કે, આજે તો પ્રભુને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરવા જ છે. મારો પ્રણામ કરવાનો વારો આવ્યો એટલે મેં પ્રભુને સા. દ. પ્રણામ કર્યા. ત્યારે પ્રભુએ એક ગુલાબનું પુષ્પ પ્રસાદીરૂપે મારા માટે ટેબલ પરથી લીધું અને મને આપતા હતા. મેં પ્રસાદ લેવા હાથ લંબાવ્યો પણ પ્રભુ પ્રસાદી આપતાં અટકી ગયા. અને મને પૂછ્યું, "તમારા જીવનમાં કોઇ કાંટો છે?" મેં કહ્યું, "ના" તો પૂ. શ્રી કહે, "આ પુષ્પ અમે તમારા જીવન માટે કાઢ્યું છે અને તેમાં કાંટો છે. અમને હાથમાં વાગ્યો. તેથી તમારા જીવનમાં કોઇ કાંટો હશે જ."

મેં મનમાં કહ્યું કે મને ખબર નથી. પણ તમે કહો છો તો કાંટો હશે જ. અને સંમતિ દર્શાવતાં કહ્યું, 'હા'. એટલે પ્રભુએ કહ્યું, 'ચાલો, આપણે તમારા જીવનમાંથી કાંટો કાઢી નાખીએ.' અને પ્રભુએ એ કાંટો ગોળ-ગોળ ફેરવીને ફૂલની દાંડીમાંથી કાઢી નાખ્યો અને મને કહ્યું, "હવે જીવનમાં કોઇ કાંટો નહિ, આપણે તમારા જીવનમાંથી કાંટો (જીવલેણ માંદગીનો) કાઢી નાખ્યો." અને પ્રભુના મુખારવિંદ પર પ્રસન્નતા છવાઇ ગઇ.

**શ્રી દર્શના ત્રિવેદી(સુરત)**

૨૧

## ॥ જપ બને તેટલા વધુ કરવા ॥

ઑગસ્ટ માસની શરૂઆતમાં પૂ. શ્રી અને પૂ. મા વિદેશયાત્રાથી પાછાં આવીને વડોદરામાં વિરાજ્યાં હતાં. તે વખતે મારે મંત્ર જોઈતો હતો એટલે સાંજના સત્સંગ પછી મેં પૂ. માને કહ્યું. પૂ. મા કહે, તું ડાયરેક્ટ મહાત્માજીને વાત કર.' મેં કહ્યું મને બીક લાગે છે. એટલે પૂ. માએ મહાત્માજીને કહ્યું, 'આ છોકરાને મંત્ર જોઈએ છે.' પછી મને કહ્યું, 'જા મહાત્માજી પાસે.' હું ગયો એટલે તેઓશ્રી કહે 'બોલો શું છે?' મેં કહ્યું, 'પ્રભુ, મારે મંત્ર જોઈએ છે.' તો પ્રભુ કહે 'હેં શું કહ્યું? મરચું જોઈએ છે? અમે તો ભાઈ મરચું-બરચું નથી રાખતા.' (તે વખતે પૂ. શ્રીના કાનમાં નાદ ચાલતો હતો એટલે 'મંત્ર'ને બદલે 'મરચું' એવું સાંભળેલું) હું તો એકદમ ગભરાઈ ગયો. પણ પૂ. મા મારી વ્હારે ધાયાં તેમણે કહ્યું, 'મહાત્માજી, આને મંત્ર જોઈએ છે, મંત્ર' શબ્દ મોટેથી કહેવાતાં મહાત્માજી બોલ્યા, 'ઓહો! મંત્ર જોઈએ છે! હમણાં બધાં પ્રણામ કરી લે એટલે અંદર આવો.'

હું અંદર ગયો. પ્રભુ કહે, 'તમને કયા ભગવાન ગમે છે?' મેં કહ્યું, 'મને તો તમે અને પૂ. મા જ ગમો છો.' 'એમ?' મેં કહ્યું 'હા'. 'તો પછી આ મંત્ર જપજો.' એમ કહી મને મંત્ર કહ્યો. પોતે બોલ્યા અને મારી પાસે પાંચેકવાર બોલાવડાવ્યો. લય અને ઉચ્ચાર સ્પષ્ટ કરાવડાવી કહ્યું, 'બને તેટલા વધુ જપ કરવા. બને તેટલા વધુ સમજ્યા?' મેં કહ્યું, 'હા.' પૂ. માને કહ્યું, 'બટુકને પ્રસાદ આપજો'. ને આમ મંત્રદીક્ષાનો આ પ્રસંગ પૂરો થયો.

**શ્રી દક્ષેશ એચ. કોન્ટ્રાક્ટર(અમેરિકા)**



૨૨

## ॥ અમે વિદ્યાર્થીના પૈસા લેતા નથી ॥

મોરબીમાં શ્રી કલ્યાણે મને 'ગીતાદર્શન' આપ્યું. પણ પરીક્ષા ચાલુ હોવાથી ના વંચાયું. પાછું આપી દીધું. મનમાં થયું. પૂજ્ય શ્રી મોરબી આવે ત્યારે મને એ પુસ્તક મળે તો કેવું સારું! હવે મનમાં ઘાટ ઘડાવવા લાગ્યા કે પૂજ્ય શ્રી જ્યારે પણ સૌરાષ્ટ્ર આવે ત્યારે દર્શન તો થશે જ. વાતો સાંભળીને આકર્ષણ વધતું ગયું.

૧૯૭૬ માર્ચમાં એક દિવસ કલ્યાણ કહે; મહાત્માજી મોરબી પધારી રહ્યા છે. અને હું મારી પરીક્ષા પૂરી કરી સીધો મહાત્માજીના ઉતારા ઉપર ગયો.

પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ પૂરો થયો એટલે હું છેલ્લે બેઠેલો ત્યાંથી ઊભો થતાં જ શ્રી કલ્યાણ કહે, તમને મહાત્માજી બોલાવે છે. મને નવાઈ લાગી. મને તો કોઈ પરિચય નથી. હું અંદર ઓરડામાં ગયો. પૂજ્યશ્રીએ ટેબલ ઉપરથી એક પુસ્તક લઈને મને આપ્યું.

મારા અચરજનો પાર ના રહ્યો. એ પુસ્તક હતું, 'ગીતા દર્શન.' મેં પ્રભુને પ્રણામ કર્યા ને એની કિંમત ૨૦/—રૂપિયા હું આપવા ગયો. તેમણે ના લીધા.

મને એ 'ગીતાદર્શન' સાથે ૧૦૦/—રૂપિયા આપતાં પૂજ્યશ્રીએ ક્હયું, 'અમે વિદ્યાર્થીના પૈસા લેતા નથી. અમે તો વિદ્યાર્થીને આપીએ છીએ.'

મારું હૈયું ભાવવિભોર થઈ ગયું. આવા મહાપુરુષ આપણી વચ્ચે છે અને જનહિતનાં કેવાં કાર્યો કરે છે!

**શ્રી ધનજીભાઈ સુતરિયા(અમેરિકા)**

૨૩

## ॥ ચિત્તની એકાગ્રતા ખૂબ અઘરી ॥

અમારા ગામમાં પ્રભુ પાંચ વાર આવેલા (બ્રહ્મપુરી). અમે તેમની સાથે વીરેશ્વરની યાત્રાએ ગયા. ગામથી ૨૫-૩૦ માઈલ વીરેશ્વર દૂર એટલે અમે તેમને માટે બળદગાડું કર્યું પણ પ્રભુ તો બળદગાડામાં ના બેસતા. સંધ્યાકાળ થઈ. આસપાસ ગીચ જંગલ પ્રભુ પગમાં પણ કંઈ ન પહેરતા. અમે તે જંગલપ્રદેશમાંથી નીચે આવ્યા ત્યારે ઝાડની નીચે બેઠેલા એક સાધુ તરફ પૂ.શ્રીની નજર ગઈ. તે ત્યાં જઈ બેસી ગયા. મને ચટપટી થઈ અંધારું થશે તો તકલીફ પડશે. મેં ઊઠવા ઈશારા કર્યા. મને ખબર ન પડી. પૂ.શ્રીએ કહ્યું આ સમાધિસિદ્ધ પુરુષ છે તેની આંખની પલક પરથી ખબર પડે. સમાધિસિદ્ધ પુરુષની પલક તેમની ઇચ્છા વગર ના પડે. આ ગાડાની ઉપાધિ ન હોત તો આપણે અહીં રાત રહી જાત.

અમે નદીએ સ્નાન કરવા ગયા. હું કપડાં ધોતો હતો. પૂ.શ્રીએ કહ્યું જ્યાં ડાઘ હોય ત્યાં જ સાબુ લગાડવો.

સંતરામ મંદિરમાં પૂ.શ્રીનો ઉતારો હતો. મેં તેમનાં સૂકવેલાં વસ્ત્રોની ગડી વાળી. મને કહ્યું કપડાં શા માટે લીધા ? કાલે તમે વાળવા આવવાના છો ? મારું કામ મને કરવા દો. પછી તેની કેવી રીતે વ્યવસ્થિત ગડી વાળવાની બતાવ્યું.

નદી પાસે જઈએ કે જંગલમાં જઈએ પ્રભુ ધ્યાનમાં બેસે જ. મને પણ ધ્યાનમાં બેસાડ્યો. પૂ.શ્રીને ધ્યાન લાગી ગયું મને ના લાગ્યું. પ્રભુ કહે ચિત્તની એકાગ્રતા ખૂબ અઘરી છે. અહંભાવ છે, આકર્ષણ છે મમત્વ છે. આ બધાંને સાફ કરો પછી એકાગ્ર થવાશે.

**—શ્રી નારાયણભાઈ જાની(આદ્ય તંત્રી 'અધ્યાત્મ')**



૨૪

## ॥ ટિકિટ બે-જગ્યા ત્રણની ! ॥

વડોદરાથી એક વખત પૂ.શ્રી અને માતાજી બહારગામ જવાનાં હતાં. બે ટિકિટ લેવાનું કામ પૂ.શ્રીએ મોહનલાલને સોંપ્યું હતું. અને કહ્યું કે ટિકિટ બે લેવાની છે. જગ્યા ત્રણ રાખવાની છે. મેં સામે પ્રશ્ન કર્યો કે આપ અને માતાજી બે જ વ્યક્તિ છો ને ! પ્રભુએ સ્મિત કરીને કહ્યું કે આપણી સાથે જગદંબા 'મા' હોય જ છે. એટલે ત્રણ જગ્યા રાખવી. આ વાત સાંભળીને હું વિચારમાં પડી કે પ્રભુ કેટલા મહાન છે. પૂ.શ્રી જ્યાં પણ વિચરણ કરે છે ત્યાં 'મા' જગદંબા એમની સાથે જ વિચરણ કરી રહ્યાં છે. તેથી તેમનો જેટલો પણ લાભ લેવાય અને જીવન-ઉપયોગી જે ભાથું ભરાય તેટલું ભરી લેવું અને તેના કૃપાપાત્ર બાળક બનવું જોઈએ.

પૂ.શ્રીની મારા પર સવિશેષ કૃપા ને પ્રેમની વર્ષા થઈ. એક કોઈ ધન્ય પળે મને એમનાં જગદંબા-સ્વરૂપનાં દર્શન આપ્યાં હતાં. પૂ.શ્રી પોતે આગળ ચાલી રહ્યા હતા અને પાછળ કંકુનાં પગલાં પડતાં હતાં. એ પણ એમની જ કૃપા હતી કે એમનું સ્વરૂપ એમણે પ્રગટ કર્યું, કે પરખી લો. શ્રીચરણે શ્રદ્ધા દૃઢ કરજો જેથી જીવન તરી જશો, એવો સંદેશ આ પ્રસંગ ધરે છે.

વડોદરા મૂળશંકર જાનીને ત્યાં પૂ.શ્રી ઉતર્યા હતા. ત્યાં જ સત્સંગ હતો. પૂ.શ્રી સુરત જવા નીકળતા હતા. મેં પ્રણામ કરીને કહ્યું કે, 'મા' સર્વેશ્વરીને મારા પ્રણામ કહેજો. પૂ.શ્રીએ મને ધીમેથી કહ્યું, ક્યાં માને કહું ? મૂર્તિને કે હાલતાં ચાલતાં મા છે તેમને કહું ?'

**—શ્રી નિર્મળાબેન ટેલર(વડોદરા)**

૨૫

# ॥ ગુરુદેવનું અલૌકિક સુરક્ષાચક્ર ॥

અમદાવાદની ૧૯૭૮ની સાધનાશિબિરનો અમારો આ પહેલો અનુભવ હતો, પણ શ્રી'મા'ની દેખરેખ હેઠળ અને પૂજ્ય ગુરુદેવની ખૂબ સ્નેહભરી સંભાળ અમને મળ્યા કરતી હતી. નવીન વાતાવરણનો અનુભવ એક નવી જ ઊર્જાનો સંચાર કરતો હતો. બે ત્રણ દિવસ પછીની એક રાત્રે અમે બંને એટલે કે હું અને આશા વાતો કરતાં કરતાં સૂઈ ગયાં... અને બારણું અમારા રૂમનું અમે બંધ ના કર્યું...હું બંધ કરવાની જ હતી તો આશા કહે-કેમ ફિકર કરે ? હવા આવવા દે...અને આ પ્રભુ તો અહીં બેઠા છે તે શું કામના ? પૂ.શ્રી'મા' શ્રી ગુરુદેવ સાથે ધ્યાનમાં જોડાયા હતાં તો પૂજ્ય ગુરુદેવ શ્રી'મા'ને કહે છે-''સરોજબેન આપ જાઓ કારણ બંને છોકરીઓ રૂમનું બારણું ખુલ્લું રાખી સૂઈ ગઈ છે.''

પૂ.શ્રી'મા' આવે છે-અમને જગાડે છે અને આ વાત અમને કરે છે.

અમે બંને આશ્ચર્યચકિત ! કારણ ગુરુદેવનો ઉતારો અને શિબિરાર્થીઓનાં રૂમ વચ્ચે ઘણું અંતર અને લાંબી દીવાલ હતી. કેમેય જોઈ ના શકાય ત્યાંથી અમારા રૂમમાં.

આ ઘટનાથી સમજાયું કે ગુરુદેવની શક્તિ અલૌકિક છે આપણી રક્ષા કરવા માટે સર્વસમર્થ છે. અમને આ ઘટનાથી બોધપાઠ પણ મળ્યો કે હંમેશાં સુરક્ષા પોતાની સૌ પ્રથમ કરી લેવી.

**—શ્રી નિવેદિતા ભક્ત(અમેરિકા)**



૨૬

# ॥ સંઘર્ષથી ભાગો નહિ, પ્રાર્થના કરો ॥

૧૯૮૦માં મા-પ્રભુ વડોદરા પધાર્યાં હતાં. તેમનો ઉતારો ૫૫-અરૂણોદય સોસાયટી, શ્રી જીતુભાઈને ત્યાં હતો. તે દિવસોમાં હું કૉલેજમાં ભણતી હતી. થોડી સ્વતંત્ર મિજાજની હતી તેથી કોઈ કારણસર મને મરવાના વિચારો આવતા હતા. તે પ્રબળ બન્યા અને હું રેલ્વેક્રોસીંગના પાટા પર જઈને બેસી ગઈ. મારા અંતરમાંથી જાણે અવાજ સંભળાયો. ''કોનો નાશ કરીશ ? સંસ્કાર છે તેથી શરીર ધારણ કરવું જ પડશે !'' કોઈ અદ્રશ્ય શક્તિએ જ મને બચાવી લીધી. બીજે દિવસે જ્યારે હું બપોરની બેઠકમાં પ્રભુ પાસે ગઈ. પ્રભુને પ્રણામ કરું છું ત્યાં પ્રભુ મને તેમનાં ચરણોની નજીક બેસાડીને કહે છે કે, ''આજકાલ તો નાનાં નાનાં બાળકોને મરવાના વિચાર આવે છે.'' પછી મારી સામે જોઈને કહે, ''ખરું ને ?'' શ્રી મૂળશંકરભાઈને કહે, ''તમારે મરવું છે ?'' તેઓ ના પાડે છે. પછી પ્રભુએ મનુષ્યજીવનની દુર્લભતાની વાત કરી અને મનુષ્યજીવનમાં બધું જ થઈ શકે છે. સર્વ સંબંધો પ્રભુ સાથે બાંધવાની વાત સમજાવી. સંઘર્ષ આવે તેમાં ભાંગી ન પડવું. પ્રભુને પ્રાર્થના કરો. આગળ અનુકૂળતા રહેશે. લગભગ ફક્ત મારી સાથે ૧૦ મિનિટ જેટલી વાતો કરી. જીવન જીવવાની સાચી સમજ ધરી અને મારા ગુરુદેવ મારા શિરછત્ર બન્યા. મને શાંતિ ધરી...

૧૯૮૪, ફેબ્રુઆરી મહિનામાં પૂ.મા-પ્રભુ જયપુર પ્રવચન માટે જતાં હતાં. અમે સવારે દર્શન માટે ગયાં. પૂ.મા-પ્રભુની આરતી થઈ. પછી પ્રભુએ અચાનક મારી સામે હાથ લંબાવીને કહ્યું, ''તમારાં લગ્ન થઈ ગયાં છે ?'' મેં કહ્યું ''ના'' પ્રભુ કહે, ''કોઈ સંસારી સાથે નહિ. પ્રભુ સાથે.'' કુંદનબેન, સાકર છે ? પછી સાકર મને આપી. બધાને જ પ્રસાદ આપ્યો. પ્રભુ કહે કોણ રહી ગયું ? પછી પોતે જ કહે, ''હું રહી ગયો.'' અને પોતે પણ સાકરનો ટુકડો લીધો. હું આનંદથી નાચી ઊઠી.

**—શ્રી પૂર્ણિમાબેન પટેલ(વડોદરા)**

૨૭

## ।। મહાત્માજીના આશીર્વાદ શું ન કરે ? ।।

મારી પૌત્રી હેતલ, જેની ઉંમર ૧૭ વર્ષની છે. ૧૯૮૦માં એક દિવસ કૉલેજ જતી હતી અને બસમાં ચડવા ગઈ ત્યાં ડ્રાઈવરે બેલ માર્યા વગર બસ ઉપાડી મૂકી. તેનો પગ લસરી જવાથી પગમાં ઈજા તથા ફ્રેક્ચર થયું. ડૉક્ટરોએ પાટાપીંડી કરી ગંભીર ઈજા છે તેમ જણાવ્યું. બીજે દિવસે મુખ્ય ડૉ.કાનાબારે 'X-Ray' મારફતે જોતાં તેને બચાવવી હોય તો પગ કાપવાનું સૂચન કર્યું.

પૂ.મહાત્માજીનાં પ્રવચનો તે વખતે સમર્થેશ્વર મહાદેવમાં ચાલતાં હતાં. કોઈએ સાંજે તેમને આ ગંભીર અકસ્માત વિશે વાત કરી. એટલે સાંજના તેઓ તથા માતુશ્રી હૉસ્પિટલમાં ખબર કાઢવા આવશે તથા બાબુભાઈ હાજર રહે તેમ જણાવ્યું. શ્રી મહાત્માજી સાંજના સાડાચારે માતુશ્રી સાથે પ્રવચનમાં જતાં પહેલાં આવ્યા. બધી હકીકત પૂછી. તેનો પગ જોયો. હાથ ફેરવ્યો. અને પગ કાપે તો ગભરાવાનું નહિ એમ જણાવ્યું અને આશીર્વાદ આપ્યા કે ઑપરેશન ખૂબ સારી રીતે થાય.

બીજે દિવસે સવારમાં ડૉ.કાનાબાર ઑપરેશન માટે આવ્યા, તપાસ્યું, હાર્ટની સ્થિતિ જોઈ, હિંમત જોઈ, મા-બાપ સાથે ચર્ચા કરી. 'પગ કપાઈ જતાં ગભરાશો નહિ.' આમ જણાવી ઑપરેશન થિયેટરમાં લઈ ગયાં. શીશી સુંઘાડી. બધાં ઓજારો તૈયાર કર્યાં, બધી નર્સો, ડૉક્ટરો તૈયાર થઈ ગયા. ડૉ.કાનાબાર જેવા ઓજારોને અડક્યા કે તેમને ઈલેક્ટ્રીક શૉક જેવું લાગ્યું. ભ્રમ માની ફરી અડ્યા પણ શૉક લાગતાં ઉઠાવી શક્યા નહિ. મૂંઝવણ વધી ગઈ. બીજા ડૉક્ટરને ઓજારો આપવા કહ્યું પણ તેમને પણ તે જ પ્રમાણે થયું. ઑપરેશન મુલતવી રાખવું પડ્યું. બીજે દિવસે તપાસ કરી તો હાડકું અને માંસપેશી સંધાઈ ગઈ હતી ! પંદર દિવસમાં તો હેતલ ચાલતી થઈ ગઈ ! પૂ.મહાત્માજીના સ્પર્શ તથા આશીર્વાદથી શું થઈ શકે છે તેનો પ્રત્યક્ષ દાખલો બધાંએ જોયો.

**–શ્રી બાબુભાઈ વોરા(અમદાવાદ)**



૨૮

## ।। 'અમે સૂક્ષ્મ સ્વરૂપે આવીશું' ।।

પૂ.શ્રી યોગેશ્વરજી જ્યારે સૂરત પધાર્યા ત્યારે મેં કહ્યું, "પ્રભુ, આપ અમારે ઘરે પધારો ને !" પ્રભુએ કહ્યું, "આવીશું, શું ઉતાવળ છે ?" પ્રભુએ કહ્યું કે એક દિવસ અમે આવીશું અને તમને આપોઆપ ખબર પડી જશે. અને બન્યું પણ એવું જ. મને સવારથી લાગ્યું કે પ્રભુ જરૂર પધારશે. પ્રભુ માટે દૂધ-પ્રસાદ મેં રાખી મૂક્યો. ઘરથી સનાતન હૉલ દૂર હોઈ એક કલાક વહેલું નીકળવું પડે. મને થયું પ્રભુ આવશે ને ઘરે તાળું હશે તો ? મારા હૃદયમાં મથામણ ચાલુ હતી. પ્રભુ આવે તેમના સ્વાગતની બધી જ તૈયારી કરી. તાળું મારી હું નાકે જ પહોંચી ત્યાં ગાડી આવી. પ્રભુએ મારી પાસે જ ગાડી ઊભી રાખીને કહ્યું, "ક્યાં ચાલ્યા ?, ચાલો તમારે ઘેર આવીએ છીએ" હું દોડીને ઘેર ગઈ ! પ્રભુ પધાર્યા તેનો આનંદ હૃદયમાં સમાતો ન હતો. પ્રભુએ દૂધ પણ લીધું. માતા જ્યોતિર્મયીને પણ આનંદ થયો. પ્રભુ મધુસૂદનભાઈને કહે, "આવો પ્રસાદ તો રાજાને ત્યાં પણ ના હોય !"

અમે સુરતમાં નવું મકાન લીધું ને મારી ઇચ્છા હતી કે પૂ.શ્રી મહાત્માજીને કહીએ કે પધારો પણ હિંમત ન ચાલી. ઘણી હિંમત કરીને કહ્યું, તો મા-પ્રભુએ કહ્યું, "માતા જ્યોતિર્મયીના દેહવિલય પછી અમે કોઈના ઘરે જતાં નથી." પ્રભુએ માને કહ્યું, "એમને મારું સ્વરૂપ આપો." એટલે પ્રભુએ તે સ્વરૂપ પોતાના હાથમાં લઈને, હાર પહેરાવીને મને આપ્યું, ને કહ્યું, "અમે સૂક્ષ્મ રીતે તમારું ઘર જોવા આવીએ છીએ. આ સ્વરૂપને ત્યાં પધરાવજો. અને અમે આવ્યા છીએ તેવો ભાવ રાખજો. ઘર સારું છે. સુખી થાવ." અમે તો તમારે ત્યાં ચાર વખત આવી ગયા છીએ અને આ ઘરે પણ સૂક્ષ્મ સ્વરૂપે આવી જઈશું.

**–શ્રી ભાનુમતીબેન પટેલ(સુરત)**

## ૨૯
# ॥ સંકટમોચક શ્રીગુરુદેવ ॥

હું ૨૦૦૧ના મે મહિનામાં, સુરત શ્રી મોટાના 'મૌનમંદિર'માં સાતેક દિવસ માટે ગઈ હતી અને ત્યાર પછી હું ભરૂચ જવાની હતી.

સાત દિવસ પછી જ્યારે હું સુરત સ્ટેશન પર, ટ્રેન આવી ત્યારે સખત ભીડ હોવા છતાં, મારી એક નાની બૅગ લઈને ટ્રેનમાં ચઢી ગઈ હતી. મારા ખભા ઉપર મારું પર્સ લટકતું હતું. જેમાં રૂ.૫૦૦૦/- અને ટિકિટ હતી. ડબ્બામાં કોથળાવાળીઓ સામસામેના બાંકડા ઉપર બેઠી હતી, વચમાં ૪-૫-કોથળા મોટા રાખ્યા હતા. (કે જેથી વચમાં ઊભા પણ ના રહેવાય) મારી સાથે તે લોકોનો વ્યવહાર વિચિત્ર હતો. તેવામાં પાછળથી ધક્કો લાગ્યો અને હું કોથળા પર પડી ગઈ, પર્સ દૂર ફેંકાઈ ગયું હતું પણ તેનો ખ્યાલ મને મોડો આવ્યો. જ્યારે ખ્યાલ આવ્યો ત્યારે આમતેમ પર્સ શોધ્યું પણ મળ્યું નહિ. હું રડવા જેવી થઈ ગઈ. મા-પ્રભુનું સ્મરણ પણ યાદ આવ્યું નહિ. તેવામાં મારા આજ્ઞાચક્રમાં મને પૂ.શ્રી યોગેશ્વરજીના મુખારવિંદનાં દર્શન થયાં અને પ્રેરણા થઈ કે, 'કોથળાની નીચે જો અથવા ઊથલાવ.' મેં તેમ કર્યું. તો મારું પર્સ કોથળાવાળીઓએ સંતાડી દીધું હતું. તે મને દેખાયું ! આમ ભગવાન પોતાના ભક્તને ક્યાં અને કેવી રીતે મદદ કરવા દોડી જાય છે. તેનો પ્રત્યક્ષ અનુભવ થયો. એક મોટી ઉપાધિમાંથી પ્રભુએ મને બચાવી લીધી.

મેં શ્રી યોગેશ્વરજીનાં દર્શન કર્યા નથી કે નથી હું મળી. ફક્તને ફક્ત ''પ્રકાશના પંથે'' ગ્રંથનું વાંચન કર્યું હતું. અને મને તેમનામાં શ્રદ્ધા અને સમર્થ સંત છે તેવો ભાવ ઉપજ્યો હતો. શ્રી યોગેશ્વરજી જે વાત કહે તે 'સત્ય'–Ultimate તેવો વિશ્વાસ ઉપજ્યો હતો. બધા મનમાં ઊઠતા સવાલોના જવાબ પણ મને ગ્રંથ વાંચવાથી મળ્યા હતા. આ અવિસ્મરણીય પ્રસંગપુષ્પ શ્રી ગુરુદેવના શ્રીચરણે ધરી કૃતાર્થ થાઉં છું.

**–શ્રી ભારતી ચોક્સી(મુંબઈ)**



## ૩૦
# ॥ 'સ્વ'માં સ્થિત મહાત્મા ॥

હું સ્કૂલમાં ભણતી હતી. સાંજે ૪.૦૦ થી ૫.૦૦ની બેઠક પ્રશ્નોત્તરીની રહેતી. હું મમ્મી સાથે સ્કૂલેથી સીધી પૂ.યોગેશ્વરજી પાસે જતી. પ્રશ્નોત્તરીની બેઠક બાદ પ્રભુ ચાલવા નીકળતા. ત્યારે તેમની પાછળ/સાથે ચાલવાનો લાભ મને પણ મળ્યો છે.

હું તે વખતે જોતી કે પ્રભુનું દરેક ડગલું એકસરખા અંતરે જ મૂકાતું. એક પણ પગલું વધારે પડતું આગળ કે વધારે પડતું પાછળ ન મૂકાતું. એકસરખું જ અંતર હોય. પ્રભુની વાણીમાં પણ ક્યાંય ઉતાવળ નહિ-બેસવામાં પણ ઉતાવળ નહિ કે ધીમા પણ નહિ. માઈક વગર પણ દરેક તેમની વાણી સાંભળી શકતા. ચંપલ પહેરવાનાં હોય કે ટ્રેનમાં બેસવાનું હોય દરેકે દરેક પ્રક્રિયામાં સંપૂર્ણ જાગૃતિ હોય. દરેકે દરેક દૈનિક ક્રિયામાં પણ સંપૂર્ણ સભાનતા-ક્ષણેક્ષણની સાવધાની ! આ બધું ક્યારે શક્ય બને ? જ્યારે વ્યક્તિ 'સ્વમાં સ્થિત' હોય.

પ્રભુ દરેક અવસ્થામાં દરેક સ્થળે દરેક ક્રિયા કરતાં પણ પોતાની સ્વસ્થિતિમાં-કેન્દ્રમાં આરૂઢ થયેલા જ જોવા મળ્યા છે. આ જ અવસ્થાને કદાચ 'સ્થિતપ્રજ્ઞતા' પણ કહેવાતી હશે.

★

એક દિવસ પ્રભુની ગાડીમાં મને અને મમ્મીને બેસવાનો લાભ મળ્યો. ['મા'ના શબ્દોમાં કહીએ તો લૉટરી લાગી !]

**–શ્રી મયૂરી ટેલર, વડોદરા**

૩૧

## ॥ તમે છત્રી ધરી, અમે છત્રી ધરીશું ॥

જ્યારે શ્રી યોગેશ્વર પ્રભુ ઍટેક પછી શ્રી જીતુભાઈ ગાંધીને ત્યાં પધાર્યા અને ત્રણ મહિના રહ્યા ત્યારે સત્સંગમાં જવાનું રોજ બનતું. એક દિવસ મારા મનમાં થયું પ્રભુ મને દીક્ષા આપે તો કેવું સારું ! દીક્ષા આપે તો કેવું સારું ! સતત બે ત્રણ દિવસ એકધારું રટણ થયા કર્યું. છેવટે રહેવાયું નહિ એટલે શ્રીપ્રભુને મારાથી કહેવાઈ ગયું. મને ત્રણ દિવસથી આવું રટણ ચાલે છે. એટલે પ્રભુ કહે દીક્ષા લેવી છે ? મેં કહ્યું હા. એમણે કહ્યું, તમને બોલાવીશું. એક દિવસ કલ્પુબેનનો ફોન આવ્યો. કે તમારે આવવાનું છે. એ પ્રમાણે હું એમને ત્યાં ગઈ ત્યારે શ્રી પ્રભુએ કહ્યું જગદંબાએ કહ્યું ઘેરથી નીકળી ગયાં છે. મને દીક્ષા આપી ધન્ય કરી. કૃતકૃત્ય કરી.

મને એ દિવસોમાં રડવું ખૂબ આવતું હતું. સતત આંખમાંથી આંસુ ચાલ્યાં જ જાય. મેં પ્રભુને ભેટ મૂકી. પ્રભુએ કહ્યું, મેં જગદંબાને પૂછ્યું તો કહે છે આપની ભેટ લેવી પડશે. એ ખૂબ રડે છે. ગોપીભાવ છે ને ! બધાંને પ્રસાદી તરીકે પાછા આપી દઈએ છીએ. તમારું રાખીશું. જતી વખતે પૂ.શ્રી'મા'એ પોસ ભરીને બદામનો પ્રસાદ આપ્યો. પ્રભુની ધોતીનો કટકો આપ્યો.

પૂ.શ્રી માતાજીનાં અસ્થિવિસર્જન વખતે કે પછી ચાણોદ જવાનું થયું ત્યારે ગરમી હતી. જેથી વિનુભાઈએ છત્રી ઘેરથી સાથે લીધેલી. મા-પ્રભુને કામ લાગશે. ચાણોદના ઘાટનાં પગથિયાં પરથી શ્રી પ્રભુ ઉતરતા હતા. ત્યારે તાપ થઈ ગયો હતો. માટે મારી દીકરી હેમુએ થોડો વખત છત્રી ધરી. ઘાટ પૂરો થયો ત્યારે શ્રી પ્રભુએ અમૂલખ આશીર્વાદ આપ્યા અને કહ્યું; 'તમે અમને છત્રી ધરી છે. અમે તમને આખી જિંદગી છત્રી ધરીશું.' સાચે જ 'કોઈનો ભાર ન રાખે મુરારિ, આપે વ્યાજ સહિત ગિરિધારી.'

**–શ્રી મંજુલાબેન વી. અમીન.(વડોદરા)**



૩૨

## ॥ પૂજ્યશ્રીનો વરદ હસ્ત મસ્તકે ॥

પૂ.મા-પ્રભુ સાથે મારે પ્રથમવાર ઉત્તરભારતનાં તીર્થો બદરીનાથ, કેદારનાથ વગેરે સ્થાનોમાં તેમની સાથે યાત્રાએ જવાનું હતું. મારી સાથે યાત્રામાં જે પાત્રો હતાં તે પૂ.મા-પ્રભુનાં સવિશેષ કૃપાપાત્ર અને નજીકનાં હતાં. એ યાત્રા દરમ્યાન સૌને મસ્તકે વરદ હસ્ત મૂક્યો હતો પરંતુ મને આખી યાત્રા દરમ્યાન સતત અફસોસ થયા કરતો કે મારી કોઈ પાત્રતા નથી માટે જ પ્રભુ મારા મસ્તકે પોતાનો વરદહસ્ત મૂકતા નથી. એ વાતને યાદ કરીને આંખમાં આંસુ આવી જતાં. કેદારનાથની યાત્રા પૂરી કરી અમે સૌ પાછા ફરતાં હતાં ત્યારે એક સ્થાનમાં અમારી ટૅક્સીઓ ઊભી હતી. હું બારી પાસે માથું ટેકવીને બેઠી હતી. ત્યાં જ સામેથી પ્રભુ આવ્યા ને ખૂબ સહજ રીતે મારા મસ્તક પર વરદ હસ્ત મૂક્યો. અને કહ્યું, "મારી કોઈ યોગ્યતા નથી. માટે અમે હાથ મૂકતા નથી એવું તમને લાગે છે ને ? પણ અમે બધું જ જાણી જઈએ છીએ." પૂ.'મા' ત્યાં જ હતાં. પૂ.'મા'એ કહ્યું, "તમારી યાત્રા સફળ થઈ." મારી આંખમાંથી આનંદનાં આંસુ ટપકી રહ્યાં. મારું હૃદય ગુરુદેવ-માવડીના અહોભાવથી ભરાઈ ગયું.

ઉત્તરભારતની યાત્રામાંથી પાછા ફરતાં ગંગાજીને કિનારે અમે સૌ સત્સંગમાં બેઠાં હતાં. પ્રભુથી હું દૂર બેઠી હતી. પ્રભુએ પ્રેમથી પાસે બોલાવીને કહ્યું, "અમારા વાઈબ્રેશન્સનો લાભ લો. કદાચ ભક્ત કે સાધક પ્રભુથી દૂર જાય (એના સંસ્કારોને લીધે) પણ પ્રભુ પોતાના પ્રેમીભક્તોને પોતાના શ્રી અંકમાં જ સ્થાન આપે છે."

**–શ્રી મંજુલાબેન ભાવસાર(વડોદરા)**

૩૩
## ॥ હું તો સ્ત્રી નથી, પુરુષ નથી, ઈશ્વર છું ॥

પ્રભુ મોરબી પધારેલ. હું, મીના, સરોજબેન(મા) બધાં બહાર ઊભાં હતાં. મીના શેત્રંજી મૂકવા રૂમમાં ગઈ. પ્રભુ કપડાં બદલતા હતા. મીના પાછી આવી. થોડીવારે પ્રભુ બહાર આવી કહે, "હું તો સ્ત્રી નથી, પુરુષ નથી, હું ઈશ્વર છું." પ્રભુ કૃપા કરી પોતાનો સાચો પરિચય ભક્તોને આપી દેતા.

મોરબીમાં પૂ.ગુરુદેવની શિબિર હતી. હું ઉતારા પર કામ કરતી હોઉં તો પ્રભુ ઘડિયાળમાં જોઈ કહે, "અરે મંજુબેન ! અઢી વાગ્યા ! તમારે જવાનું મોડું થશે. હવે ભોજનાલયમાં જાવ." પ્રભુ ગમે તેવા કામમાં પણ ભક્તોનું કેટલું ધ્યાન રાખે છે.

મને એક દિવસ શિબિર દરમ્યાન તાવ આવ્યો. પ્રભુ પ્રેમથી પૂછે છે, "તાવ કેમ આવ્યો ? હવે સારું છે ને ? કહી પ્રભુએ ગુલાબનું ફૂલ આપ્યું."

પૂ.ગુરુદેવનાં દર્શન કરવા વડોદરા ગયાં. અમારે અંબાજીની માનતા હતી. પૂરમાં બચી ગયાં તેથી અંબાજી જવાનું નક્કી કર્યું. પરંતુ પ્રભુ ત્યાં તો પરદેશથી આવી ગયા. તેથી અમે વડોદરા ગયાં. પ્રભુ કહે, "મંદિરમાં બિરાજતાં 'મા'નાં દર્શન કરવાં હોય તો અંબાજી જાવ. પરંતુ તમારી સાથે વાત કરી શકે તેવાં હાલતાં ચાલતાં, હરતાં, ફરતાં 'મા'નાં દર્શન કરવા હોય તો સુરત જાવ." પ્રભુનો આદેશ માથે ચડાવ્યો અને સુરત ગયા.

મોરબીમાં પૂર આવેલ. જેથી ઘણા ઘરોમાં ભગવાનનાં ફોટા ભીંજાઈને ખરાબ થઈ ગયેલા. અમે પ્રભુને પૂછ્યું, "હવે શું કરવું ?" પ્રભુ કહે, "તે ભગવાનના ફોટા નથી, તે જીવંત છે. તેને ગમે ત્યાં કચરામાં ન નંખાય ! તેને પવિત્ર નદીના જળમાં પધરાવી દો."

**—શ્રી મંજુલાબેન ભોજાણી(મોરબી)**



૩૪
## ॥ સર્વ પ્રકારે રક્ષા કરે એ સંત ॥

એક વખત પૂ.મહાત્માજીએ મને પૂછ્યું હતું કે, "તમે કયો મંત્ર જપો છો ?" "હરિ ૐ" મેં કહ્યું. તો મહાત્માજીએ કહ્યું, "ખૂબ સરસ છે." અને આશીર્વાદ આપ્યા. મહાત્માજી આ રીતે મારી પાસે પ્રભુના પંથે ચાલવાનું ભાથું પણ ભરાવી રહ્યા હતા.

ઝાંબિયામાં છગનભાઈને ત્યાં મહાત્માજીનો ઉતારો હતો. પૂ.મહાત્માજીએ મને ૧૧ વાગે બોલાવ્યો હતો. તે વખતે જગદીપ માટે ઘણી બધી છોકરીઓનાં માગાં આવતાં હતાં. તેથી મૂંઝવણ હતી. પૂ.મહાત્માજીએ કહ્યું, "રમેશભાઈ આવ્યા ? બોલાવો." સામેથી કહ્યું, "શાની ચિંતા છે ? ચિંતા ન કરો. નયના નામની છોકરી સારી છે." આ રીતે અમારા કુટુંબની ચિંતા, અમારા સ્વજન બનીને દૂર કરી. એ એમની અમારા ઉપર સવિશેષ કૃપા જ હતી.

પૂ.મા જ્યોતિર્મયીનાં અસ્થિવિસર્જન વખતે, ચાણોદ કરનાળી જવાનું બન્યું. સમાચાર આવ્યા કે અમેરિકામાં ભારતીબેનના પતિદેવને મોટેલના ગ્રાહકે ખૂબ માર્યા છે. પણ તે ખૂબ ગંભીર હશે એવી કોઈ કલ્પના ન હતી. કરનાળી પૂ.મહાત્માજીને પ્રણામ કર્યા તો સામેથી જ કહ્યું, "ચિંતા ના કરશો રમેશચંદ્ર ! ભારતીના પતિદેવને સારું છે. કંઈ જ થવાનું નથી." મારા કુટુંબને તો પ્રભુએ પોતાના શ્રી અંકમાં જ રાખીને સંભાળી લીધું છે. જ્યારે જ્યારે જરૂર જણાઈ ત્યારે સર્વપ્રકારે રક્ષા કરી છે. એવા પરમકૃપાળુ દેવને મારાં કરોડો વંદન...

પ્રથમ વખતે પૂ.મહાત્માજી કપૂરાથી વિદાય લેતા હતા ત્યારે અમારા બંનેની આંખોમાં આંસુ હતાં. પૂ.મહાત્માજી કહે, "શા માટે રડો છો ? અમે ક્યાંય જતા નથી. તમે યાદ કરશો એટલે અમે હાજર !"

**—શ્રી રમેશચંદ્ર ભક્ત(કર્પૂરવન)**

૩૫

# ॥ 'અશક્યને તેં શક્ય કર્યું' ॥

પૂ.શ્રી યોગેશ્વરજી એપ્રિલ-૧૯૭૦માં ભાવનગર પધારેલા. શ્રી નારાયણકાકા ઉપર વિશેષ પ્રેમના કારણે તેમનો નિવાસ 'સુપ્રભાકુંજ'માં પરિવાર સાથે જ હતો. મેં કૉલેજના ત્રીજા વર્ષ-બી.એસ.સી.ની પરીક્ષા આપેલી. માર્ચ ૧૯૭૦માં બેંકોના રાષ્ટ્રીયકરણ પછી કર્મચારીઓની ભરતી પ્રારંભ થઈ અને તેમાં મારી પસંદગી થઈ.

અહીં એક વિકટ પ્રશ્ન ઉપસ્થિત થયો. અભ્યાસનું એક વર્ષ બાકી રાખી અભ્યાસ છોડી દઈ નોકરી સ્વીકારી કે નોકરી જવા દઈ અભ્યાસ ચાલુ રાખવો ? પૂ.શ્રી ઉપસ્થિત હતા એટલે માતા-પિતાએ શ્રી ગુરુદેવનું માર્ગદર્શન માગ્યું પૂ.શ્રી એ મારી સામે ક્ષણિક દૃષ્ટિપાત કરી પ્રેમથી સમજાવ્યું કે "શ્રી નારાયણભાઈ ઉદ્યોગપતિ કે વેપારી તો છે નહિ, જેથી અભ્યાસ પછી આપણે તેમના સ્થાને ગોઠવાઈ જઈએ. આપણે તો ડીગ્રી લઈને પણ નોકરી જ શોધવાની છે. તો ઈશ્વરકૃપાથી જે સહજ પ્રાપ્ત થયું છે તે સ્વીકારી લો. અભ્યાસ પણ પૂર્ણ થશે અને ડીગ્રી પણ મળી જશે."

અને હું બેંકમાં જોડાઈ ગયો. હવે બન્યું એમ કે શ્રી કાકાના મિત્ર શ્રી પરીખ સાથે તેમના મિત્ર શ્રી ભટ્ટ પૂ.શ્રીના દર્શને આવ્યા. તેઓશ્રી બેંકના મુખ્ય પ્રબંધક હતા. તેમણે મારી સમસ્યા જાણી, બીજે દિવસે નોકરી પર પહોંચ્યો. ત્યારે મારા વિભાગના અધિકારીને સૂચના આપી દીધી કે મારે કૉલેજના અભ્યાસ અંગે જ્યારે પણ જવાનું થાય ત્યારે રજા આપવી. સાથે ઊમેર્યું કે, આ જાનીભાઈ તેમનું બાકીનું કામ મોડી સાંજે કે રાતે બેસી પૂર્ણ કરી આપશે.

આમ પૂ.શ્રીની દિવ્ય કૃપાથી સાવ અશક્ય લાગતું કાર્ય અદ્‌ભુત રીતે પૂર્ણ થયું.

—શ્રી રાજેન્દ્ર જાની(અમદાવાદ)



૩૬

# ॥ છૂટાં પડી શકો તો છૂટાં પડી શકો છો ! ॥

આપણો જ્યારે ચેતોવિસ્તાર થાય છે, વ્યક્તિગત અહં-ચેતનાને ઓછું મહત્ત્વ આપીને વૈશ્વિક ચેતના સાથે જ્યારે આપણે સંવાદપૂર્ણ રીતે જીવતા થઈએ છીએ ત્યારે આપણને અનુભૂતિ થાય છે કે આપણા જીવનમાં એક ક્ષણ માટે પણ આવેલ વ્યક્તિ આપણા અસ્તિત્વનું અભિન્ન અંગ બની જાય છે.

આપણે આંખ દ્વારા જોઈ શકીએ છીએ, કાન દ્વારા સાંભળી શકીએ છીએ, વિચારી શકીએ છીએ, લાગણી અનુભવી શકીએ છીએ...તે કઈ શક્તિને કારણે ? અને તે શક્તિ જેમ મારામાં છે તેમ સર્વ કાંઈ-સર્વકોઈમાં છે તે સમજાવા માંડે ત્યારે જીવનની મૂળભૂત એકતાનું દર્શન થાય છે.

**તત્ર ક મોહઃ ક શોકઃ એકત્વમ્ અનુઃપશ્યતિ**

આ સમજણ પૂજ્યશ્રીના સાન્નિધ્યમાં ધીરે ધીરે વિકસતી ગઈ. જીવનમાં કેટકેટલી વ્યક્તિઓ નજીક આવી-દૂર ગઈ (સ્થૂળ/ભૌતિક રીતે) તે બધી અસ્તિત્વનો એક ભાગ બની ગઈ. પૂજ્યશ્રી મધપૂડા જેવા હતા. તેમની આસપાસ એવા આંતરિક સૌંદર્યથી સભર લોકો હતા કે પૂજ્યશ્રીને મેં કહેલું, "હું તમારા કરતાં તમારી આસપાસના લોકોનાં દર્શન કરવા આવું છું."

કલોલા સાહેબ, કૈલાસ બહેન, ગૌરીશંકરભાઈ, પૂર્ણિમા, માં કે જૈસી મંજુમાસી !, વિનુભાઈ, વિજયભાઈ, વિનોદભાઈ, આશા, જીતુભાઈ...મારી નામમાળામાં ઘણાં નામો હતાં પરંતુ તેમાં બહુમતિ શ્રી યોગેશ્વર પરિવારની હતી. એ પરિવારથી છૂટા પડ્યા હોઈએ, પડી શક્યા હોઈએ તો પુનઃ મિલનની વાત આવે ને ?

**'છૂટાં પડી શકો તો છૂટાં પડી શકો છો !'**

—શ્રી રાજુદીપ્તિ(કોબા, ગાંધીનગર)

૩૭

## ॥ સંત લાગણીશીલ હોય, લાગણીવશ નહિ ॥

અમદાવાદના નારણપુરા વિસ્તારમાં શ્રીનંદુભાઈને ત્યાં પૂ.'મા'-પ્રભુ પધાર્યાં હતાં. પૂ.જ્યોતિર્મયી માતાજીના શરીરને શાંત થયાને થોડાક દિવસો થયા હતા. સાંજે સત્સંગમાં એક-બે સાધકો પૂ.માતાજી વિશેના પ્રેરક પ્રસંગો કહેતા. ત્યારબાદ પૂ.શ્રી-મહાત્માજી માતાજીના પ્રેરક પ્રસંગો કહેતા. પ્રસંગો કહેતાં પૂ.મહાત્માજીની આંખોમાં આંસુ આવી જતાં. કોઈને કંઈ પૂછવું હોય તો પૂછો. એવું પૂ.શ્રીએ કહ્યું ત્યારે મેં પ્રશ્ન પૂછ્યો કે—

'મહાત્માજી, ગીતાજીમાં તો સ્થિતપ્રજ્ઞનાં લક્ષણોમાં સુખદુઃખમાં સમાન રહેવાનું કહ્યું છે. તો આપ માતાજીના પ્રસંગો કહો છો ત્યારે આપની આંખોમાં અશ્રુ કેમ આવે છે ?'

પૂ.મહાત્માજીએ કહ્યું કે મનુષ્ય લાગણીવિહીન તો હોઈ જ ના શકે ને ? પૂ.માતાજી અમારા માતાજી હતાં. એટલું જ નહિ પણ અમારી તપશ્ચર્યાના સાક્ષી પણ હતા. તેથી અમારી આંખોમાં અશ્રુ આવે છે. પણ તમે જોયું કે અમે બે મિનિટમાં સ્વસ્થ થઈ જઈએ છીએ. જ્યારે સામાન્ય માણસ દુઃખને ભૂલી શકતો નથી. અને દિવસો સુધી રડ્યા કરે છે ! આ તફાવત છે અમારા અને સામાન્ય માણસ વચ્ચેનો. કેટલી સુંદર સમજ પૂ.શ્રી મહાત્માજીએ આપી !

ઈ.સ.૧૯૭૫ની નડિયાદની સાધનાશિબિરમાં પૂ.મહાત્માજીના બહેન સાથે હું જવાની હતી પણ તેઓ મને લઈ જવાનું ભૂલી ગયાં.

શિબિર પૂરી થયા બાદ પૂ.મહાત્માજી અમદાવાદ પરત ફર્યા ત્યારે તેમણએ શિબિરમાં નહિ આવવાનું કારણ પૂછ્યું. મેં કહ્યું કે તારામાસી મને લાવવાનું ભૂલી ગયાં. તો તેઓશ્રીએ ધીમેથી કહ્યું કે બી.એ., બી.એડ થયેલી તારે નડિયાદ સુધી આવવા સંગાથની જરૂર પડે ? એમની ટકોર માથે ચઢાવી મેં ક્ષમા માગી.

**—શ્રી રંજનબેન ઠાકર(અમદાવાદ)**



૩૮

## ॥ આધ્યાત્મિક હો તો વ્યવહારુ પણ બનો ॥

પ્રભુશ્રી કહે હવે આપણે ધ્યાન કરીશું. ૐ કાર બોલ્યા વગર કાંઈપણ બોલવું નહિ. અને સૌ પોતપોતાની રીતે ધ્યાન મૌન પ્રાર્થના કરવા તૈયાર થયાં. પ્રભુશ્રી કહે ચંપલ (પોત પોતાના) પગને સ્પર્શ કરે તે રીતે અડાડી દો નહિ તો કોઈ લઈ જશે. પૂ.'મા' કહે હું આંખ ઉઘાડી રાખીશ. પ્રભુશ્રી કહે ચંપલ ના લઈ જાય એટલે ? પૂ.'મા' કહે હા...ધ્યાન શરૂ થયું. વધારે ભાગે મૌનમાં પ્રાર્થના હતી. આ સમય દરમ્યાન બે વખત આંખ ઉઘાડીને અમે 'મા' પ્રભુના શાંત રસમાં નિમગ્ન થયેલાં દર્શન કર્યાં. દર્શન સાથે પ્રાર્થના પણ થઈ ગઈ. હે 'મા' પ્રભુ આપનું અખંડ સાંનિધ્ય ને સેવા આપો. સેવા કરવાની સૂઝ શક્તિ આપો... ધ્યાન પૂરું થયું. સૌએ મા-પ્રભુને વંદન કર્યાં અને ઉતારે જવા રવાના થયાં.

ધ્યાન-પ્રાર્થના વખતે પ્રભુશ્રીએ ચંપલ પાસે જ રખાવ્યાં. કારણ કે એ જીવન જીવવા માટેની ચોક્કસતા છે. ભગવાનભરોસે બધું છોડી ન દેવાય. ચંપલની રક્ષાનું કામ ભગવાનને ના સોંપાય. વળી બંધ આંખે ધ્યાન કરતાં કોઈક ચંપલ લઈ જશે તેવા વિચારો, ચિંતા થવાં પણ શક્ય છે. એથી પ્રભુશ્રીએ જીવનની વાસ્તવિકતાનો વ્યવહારિક રીતે સ્વીકાર કર્યો. અને તે પ્રમાણે જીવવાની સૂચના કરી તેથી ઓછી મુશ્કેલી આવે. એક સામાન્ય બાબતમાં પણ જરા સરખી પણ ઢીલાશ કે બેદરકારી નહિ. સમત્વને ધારણ કરનાર એ મહાપુરુષને પ્રણામ.

**—શ્રી વિજય પુરોહિત-'બાપજી'(બેચરપુરા, પાલનપુર)**

૩૯

# ॥ સદ્‌ગુરુની સર્વજ્ઞતા ॥

એકવાર સત્સંગ પૂરો થતાં હું ઊભો જ રહ્યો. તેથી પ્રભુને લાગ્યું કે મારે કંઈ પૂછવું છે. તેથી મને નજીક બોલાવ્યો. પ્રભુએ કહ્યું, "પત્ર તમે જ લખ્યો હતો ને ?" "હા" "મંત્ર તમને ગમ્યો ?" "હા" તો દરરોજ દશ માળા કરજો. જીવનમાં પ્રભુ સાથે મારો આ પ્રથમ વાર્તાલાપ હતો. ઘરે હું આનંદથી નાચતો ગયો.

વડોદરા નજરબાગમાં પ્રભુનાં પ્રવચન ચાલતાં હતાં. એ પ્રવચન માટે જે કામ કરવાનું હતું (સ્ટેજ વગેરેનું) તે કામની વહેંચણી થઈ હતી. મારે અને એક ભાઈ બંનેને સ્ટેજ સંભાળવાનું હતું. હું રોજ વહેલો આવીને સ્ટેજની સફાઈ કરી બધું જ તૈયાર કરું. મારી સાથેનો ભાઈ પ્રવચન શરૂ થવાની ૧૦ મિનિટ પહેલાં આવે. મારા મનમાં થયું કે પ્રભુને એવી ખબર પડતી હશે કે કોણ કામ કરે છે ? બીજે દિવસે બપોરની બેઠકમાં સત્સંગ પૂરો થયો. હું પ્રણામ કરી રહ્યો હતો ત્યાં પ્રભુએ આંખોની ભ્રમર ઊંચી કરી કહ્યું, "નજરબાગમાં કોણ કામ કરે છે અને કોણ કામ નથી કરતું તે અમે અહીં બેઠા બેઠા જાણીએ છીએ." અને સફરજન અને ફૂલનો પ્રસાદ આપ્યો. મારા અંતરમાં આનંદ થઈ ગયો. પ્રભુ અંતરયામી છે. બધું જ જાણે છે. મારું હૃદય પ્રભુના અહોભાવથી છલકાઈ ગયું.

વડોદરા ધ્યાનકેન્દ્ર વિજયભાઈ રાણા ચલાવે. અમુક સંજોગોને લઈને ત્યારે ધ્યાનકેન્દ્ર હું ચલાવતો. ધ્યાનકેન્દ્રમાં હું અને એક ભાઈ એ બે જણ જ હતા. એક દિવસ તો હું એકલો જ હતો. તે દિવસોમાં પ્રભુ વડોદરા આવ્યા હતા. તેથી મારા મનમાં વિચાર આવ્યો કે સાધકો કેમ આવતા નથી ? બપોરની બેઠકમાં હું ગયો. પ્રણામ કરી બેસું છું ત્યાં પ્રભુ કહે, "ધ્યાનકેન્દ્રમાં કોઈ હાજર હોય કે ન હોય. અમે બંને (મા-પ્રભુ) તો ત્યાં આવીએ છીએ. અને કોઈ ન આવે તો પણ તમારે નિયમિત ધ્યાનકેન્દ્રમાં જવું જ."

**—શ્રી વિજયભાઈ પુરોહિત-'પંડિતજી'(વડોદરા)**



૪૦

# ॥ સંત શિસ્તમાં કઠોર, વ્યવહારમાં મૃદુ ॥

પૂ.શ્રી સમય, શિસ્તના ખૂબ આગ્રહી હોઈ તેને માટે ખૂબ જ જાગ્રત હતા. અને સૌને પણ તેનો આગ્રહ રાખવાનું સમજાવતા. પૂ.'મા' સાથે જેટલી સરળતાથી મુલાકાત કે વાત કરી શકાય તેટલું પ્રભુ માટે ન હતું ! શા માટે તેની ખબર નથી. એક વાર પૂ.'મા'ની તબિયત નાદુરસ્ત હતી. ત્યારે અમે પૂ.'મા'ની ખબર કાઢવા અમદાવાદ ગયા. મુલાકાતનો સમય ન હતો છતાં સત્યપથ પહોંચ્યાં. સત્યપથમાં કંઈક કામકાજ ચાલુ હતું તેથી દ્વાર ખુલ્લાં હતાં તો અમે અંદર પહોંચી ગયાં. સાચે જ પૂ.'મા' ખુરસી પર બિરાજમાન હતાં. બંને પ્રણામ કરી દર્શન કરી પૂ.'મા' સાથે વાતો કરતાં હતાં ત્યાં જ ધીમી મલકતી ચાલે પૂ.શ્રી પધાર્યા. અમને જોઈ તરત બોલ્યા, "મુલાકાતનો સમય નથી. તમે અંદર કેમ આવ્યાં ?" અમારાથી તરત જ બોલાઈ ગયું. 'મહાત્માજી, હવે આવી ગયાં છીએ જે સજા કરવી હોય તે કરો.' પૂ.શ્રી બોલ્યા, "શાંતિથી બેસો. બરાબર જોઈને જજો, પ્રસાદ લઈને જજો, આનંદમાં તો છો ને ?" અમને ખૂબ જ આનંદ આનંદ થઈ ગયો.

ઉત્તર ગુજરાતનાં પ્રવચન ગોઠવાયાં ત્યારે તે ગામમાં ભોજન બનાવવા માટે રસોઈ બનાવનાર બ્રાહ્મણ કોઈ ન હતું. પૂ.શ્રી કહે, "કાંઈ વાંધો નહિ. અમે બ્રાહ્મણ જ છીએ. અને અમે જ બનાવીશું. પૂ.શ્રી એ જાતે જ સગડી પર ખીચડી બનાવી. સગડીને પંખો પણ નાખતા. ઈલેક્ટ્રીક પંખાની સગવડ ન હતી. ગરમી પણ ખૂબ જ હતી. આખા શરીરે પૂ.શ્રીને ખૂબ જ પરસેવો થયેલો. પૂ.'મા' ચિંતા કરતાં હતાં. તો પૂ.શ્રી કહે, "આ શરીરનું કામ છે. હમણાં પવન આવશે એટલે એટલી જ ઠંડકનો અનુભવ થશે." પૂ.શ્રીની કેટલી બધી સ્થિતપ્રજ્ઞતા !"

**—શ્રી વિજયસિંહ રાણા(વડોદરા)**

૪૧

## ॥ સદ્‌ગુરુ-હાલતી ચાલતી પાઠશાળા ॥

૧૯૭૫ના નૂતનવર્ષના સુપ્રભાતે આશીર્વાદ મળ્યા, "તમારી સર્વ મનોકામનાઓ પૂર્ણ થાવ." પૂ.યોગેશ્વરજીના શુભાશિષથી જીવનમાં આજે સુખ, શાંતિ, આનંદ છે. અને પ્રભુ નાનાંમોટાં મનોરથો પણ પૂર્ણ કરે છે. તેમનાં વચનોની પાછળ સત્ય પણ યાત્રા કરે છે. તેવા પરમ સત્યસ્વરૂપ શ્રી સદ્‌ગુરુદેવને મારા ફરી ફરી નમસ્કાર હો.

૧૯૮૦માં શ્રી જીતુભાઈને ત્યાં પૂ.મા–પ્રભુ બિરાજ્યા ત્યારે દર અગિયારસે સરળ ગીતાનું પારાયણ થતું. સરળ ગીતાનું પારાયણ વડોદરાનાં જુદાજુદા વિસ્તારમાં જે ભાઈબહેન બોલાવે તેને ત્યાં કરવા જવાની ઈચ્છા મેં પૂ.શ્રી પાસે વ્યક્ત કરી હતી. પૂ.શ્રીએ મંજૂરી આપી અને પૂ.'મા'એ કહ્યું "કોઈપણ પારાયણ કરવા ન આવે તો તમે અને મંજુલાબેન બંને જણાં પાઠ કરજો." એ નિયમ આજે ૧૨ વર્ષથી નિયમિત ચાલી રહ્યો છે. તે પણ તેમની જ કૃપા છે.

પૂ.'મા'-પ્રભુ સાથે ઉત્તરભારતની યાત્રામાં જોડાવાનું સદ્‌ભાગ્ય મળ્યું. અમે નવ યાત્રીઓ હતાં. ઝડપથી સ્નાન વગેરે નિત્યક્રમ પરવારવાની ઉતાવળને લઈને હું સ્નાન કરીને દાઢી કરતો. પૂ.શ્રીને આ વાત ધ્યાનમાં આવી. અને પ્રેમથી ટકોર કરતાં કહે, "આ તમે અપવિત્ર થઈ રહ્યા છો. અમારે આ ન ચાલે. દાઢી કર્યા પછી જ સ્નાન કરવું જોઈએ. પૂ.શ્રીને સ્વચ્છતા ખૂબ જ પ્રિય હતી. જીવનઘડતરની હાલતીચાલતી પાઠશાળા પૂ.શ્રી છે. આંખ ખુલ્લી રાખી ધારીને દર્શન કરીએ તો ઘણું શીખવા મળે છે."

**–શ્રી વિનુભાઈ અમીન(વડોદરા)**



૪૨

## ॥ અપરિગ્રહી મહાત્માજી ॥

પૂ.શ્રીનું પ્રવચન ગારફીલ્ડ ટાઉનમાં હિન્દુ કૉમ્યુનીટી સૅન્ટરના મંદિરમાં હતું ત્યાં મંદિરના એક ભાઈ પોતાના કામની હિસાબની નોટો લઈને પ્રવચન વખતે કામ કરતા, ત્યારે પૂ.શ્રીએ સરસ મીઠી ટકોર કરી કે ભારતમાં જ્યારે પ્રવચન હોય તો લોકો શાકભાજી સાફ કરવા લાવે. આટલું સાંભળી તે ભાઈ પોતાની નોટો બંધ કરી પૂ.શ્રીનું પ્રવચન સાંભળવા લાગ્યા. મંદિરના ટ્રસ્ટીઓએ પૂ.શ્રીને ૨૫૧ ડોલર આપ્યા. પૂ.શ્રીએ કહ્યું મારે આની જરૂર નથી. ટ્રસ્ટીઓએ આગ્રહ કર્યો તો પૂ.શ્રીએ એક ડોલર લીધો બાકીના પૈસા મંદિરના બાંધકામમાં પાછા આપ્યા. એક ડોલર વધ્યો ત્યારે પૂ.શ્રીએ મંદિરના પૂજારીને બોલાવીને કહ્યું, "લો આ એક ડોલર અને તમે એક ડોલર બીજો ઉમેરીને ભારતમાં તમારા પિતાશ્રીને એક વર્ષના અધ્યાત્મના ગ્રાહક બનાવો. કેવી અપરિગ્રહતા !'

એક દિવસે સાંજે પ્રવચનમાંથી આવ્યા બાદ પૂજ્યશ્રી લિવિંગરૂમમાં બેઠા હતા. ત્યારે પૂ.'મા' પૂજ્યશ્રી માટે હળવું ભોજન તૈયાર કરતાં હતાં. ત્યારે પૂજ્યશ્રીએ મને અને સરોજબેનને કહ્યું; 'અહીં મારી સામે બેસો. આ 'મા' સર્વેશ્વરી કોણ છે તે તમે જાણો છો ?' આ 'મા' તે જ દક્ષિણેશ્વરની દેવી. તે જ શારદા અને તે જ 'મા' જગદંબા. અમે પૂ.'મા' સાથે પાંચ જન્મથી સંકળાયેલા છીએ.

**–શ્રી વિનોદભાઈ પટેલ(ન્યૂજર્સી)**

૪૩

# ॥ આત્મસ્થ મહાપુરુષ ॥

પૂ.શ્રીની અમૃતવાણીનો આસ્વાદ ૧૯૭૬માં મળ્યો. 'સમર્થેશ્વર મહાદેવની કૃપાપ્રસાદી' એટલે 'પૂ.શ્રીનાં દર્શન-અમૃતવચનો !' પૂ.શ્રી તરફનું ખેંચાણ પુષ્કળ. માટે નિયમિત કોઈની આંગળી પકડ્યા વગર જવાનો લાભ મળ્યો. પૂ.શ્રીનાં પ્રવચનોની વિશેષતા એ હતી કે પૂ.શ્રી પોતાની અમૃતવાક્ધારાનો પ્રારંભ 'વૈરાગ્યશતક'ના પ્રથમ શ્લોકથી કે 'ઈશાવાસ્ય ઉપનિષદ'ના પ્રથમ શ્લોકથી કે 'શ્રીમદ્ ભગવદ્ગીતા'ના શ્લોકથી કરતા. પૂ.શ્રીની અમૃતવાણીમાં પરિપૂર્ણ જ્ઞાનયોગ, પરિપૂર્ણ ભક્તિયોગ, પરિપૂર્ણ કર્મયોગની ઝાંખી ખૂબ જ સરળ, ભાવવાહી અને અખંડિત વાક્ધારાનો પ્રવાહ. પૂ.શ્રી કોઈપણ વિષયને બહુ જ સરસ તર્કબદ્ધ, બુદ્ધિગમ્ય તેમજ સરળ રીતે ન્યાય આપતા. એમનાં પ્રવચનો કોઈ વિદ્વાનનાં ન હતાં. પરંતુ 'આત્મસ્થ', પરમપદે પહોંચેલા મહાપુરુષના હતાં જે 'અનુભવની એરણ' પર પ્રસ્થાવિત થયેલા હતા એટલે સમજણ ના પડે તો પણ મનને ખૂબ શાંતિનો અનુભવ મળતો. મન અતિ શાંતિ પ્રદેશમાં પહોંચી જતું, ક્યાંય ખંડન જોવા નહિ મળતું.

પૂ.શ્રીના પ્રવચનમાં ક્યાંય પણ વિષયાંતર થતું નહિ, હસાહસ નહિ, વાર્તા નહિ, ટુચકા નહિ ફક્ત અને ફક્ત એ જ પરમતત્ત્વનો નિર્દેશ. પૂ.શ્રીના પ્રવચન યોજવામાં આવતાં ત્યારે એક જ વાર વર્તમાનપત્ર દ્વારા જાણ કરવામાં આવતી, કોઈ ઠેકાણે ક્યાંય જાહેરાતનાં બૉર્ડ કે જાહેરાતના પત્રો વહેંચવામાં આવતાં ન હતાં છતાં અસંખ્ય લોકો લાભ લેવા આવતા. આખું જ સમર્થેશ્વરનું મેદાન, છેક લોગાર્ડનના રોડ સુધી ભરાઈ જતું. વળી બીજી એક વિશેષતા એ હતી કે બેસવા માટે ક્યાંય કોઈના માટે Reserved seats ન હતી. જે વ્યક્તિ જ્યાં આવે ત્યાં બેસતી કોઈ જ V.I.P નહિ. બધાંને એક જ સરખું સ્થાન !

**–શ્રી વિનોદિનીબેન પટેલ(અમદાવાદ)**



૪૪

# ॥ ઘર નહિ, મન જોઈએ છીએ ॥

પરમ પૂજ્ય પ્રભુ ૧૯૮૧માં ટોરોન્ટો પધાર્યા ત્યારે અમે પ્રભુને પૂછ્યું કે 'પ્રભુ સત્સંગ શરૂ કરીએ' ? પ્રભુની અનુમતિથી ૧૯૮૧ ડિસેમ્બરમાં સત્સંગ શરૂ કર્યો ત્યારથી 'કૅનેડાનો સત્સંગ' સારી રીતે ચાલી રહ્યો છે. પાંચ થી છ ફેમીલીનો સત્સંગ અત્યારે વટવૃક્ષની જેમ મહોર્યો છે. પ્રભુની કૃપાથી પ્રભુએ જે કહ્યું તે બધું સાચું પડે છે. પ્રભુ ૧૯૭૮માં ટોરોન્ટો પધાર્યા ત્યારે અમે કહ્યું; 'પ્રભુ, ઘર બહુ નાનું છે ત્યારે પ્રભુએ કહ્યું અમે ઘર જોઈને નથી આવતા અમે તમારું મન જોઈને આવીએ છીએ.'

પૂ.શ્રી માતૃભક્ત હતા પોતાનાં માતાને તેમની સાધનાના સાક્ષી બનાવ્યાં. દેશપરદેશમાં માતાને પોતાની સાથે રાખતા. ભારતમાં પણ પૂ.માતાજીને બધી યાત્રાઓ કરાવી. પ્રભુ એવા માતૃભક્ત હતા માતાજીની અંતિમ સુધી સેવા કરી.

પ્રભુ ઘણા નિયમિત હતા તેમની પાસેથી અમે નિયમિતતા શીખ્યા આધ્યાત્મિક માર્ગે વળ્યા તેમની આજ્ઞાનું પાલન કરો તો તમારું જીવન સુધરી જાય એ સમજ્યા.

પ્રભુ જ્યારે હિમાલય (હરિદ્વાર) જતા આવતા ત્યારે ટિકિટનું રિઝર્વેશન સુરેશભાઈને સોંપતા. પ્રભુ જે તારીખ આપતા તે તારીખ ના મળે પ્રભુ કહે રાહ જુઓ. પછીથી પ્રભુની કૃપાથી જે તારીખ જોઈએ તે જ તારીખનું રિઝર્વેશન મળી જતું પ્રભુ ત્રિકાળજ્ઞાની હતા. જે કહે તે બધું અમારા જીવનમાં સાચું પડ્યું છે.

પ્રભુના જીવનમાં અમે સરળતા નિયમિતતા સાદાઈ શાંત સ્વભાવ વગેરે જોયું.

**–શ્રી વિમળા શાહ(કૅનેડા)**

## ૪૫
# ॥ આ સરોજબેન દેવી છે દેવી ॥

દરરોજ સાંજે ચારની આસપાસ પૂ.મહાત્માજી પાછળ ચોકમાં પણ બેસતા. એક દિવસ હું બારણા પાસે ઊભી હતી. તો મહાત્માજી કહે, “શારદાબેન બહુ સાત્ત્વિક છે. બધાંને ખૂબ પ્રેમથી જમાડે છે” પ્રભુએ મારો સ્વીકાર કરી મારી અંદર જે સુંદર છે તે પ્રગટ કરી મને તો એમના માર્ગે જ આગળ વધવાની પ્રેરણા ધરી હતી. કોઈપણ વ્યક્તિની અંદર જે સુંદર હોય તે ગુણને પ્રભુ પ્રોત્સાહિત કરતા. નાનામાં નાના માણસને પોતાની રીતે ઉપર ઉઠાવવાની એમની એ વિચક્ષણ પદ્ધતિ હતી.

પૂ.મહાત્માજી સવારમાં સ્નાન માટે પધારે ત્યારે ઘરનાં બધાં સભ્યો દર્શન કરી પ્રણામ કરવા ઊભાં જ હોઈએ. પ્રણામ કરીએ કે તરત પૂ.મહાત્માજી કહે, “શારદાબેન પરવાર્યાં ?” પછી કહે, “ભારતીબેન સારાં છે.” ત્યારે મને થતું કે ભારતીબેન તો અમેરિકા છે. તો મહાત્માજી ક્યાંથી જાણી ગયા ? પણ પાછળથી એમની સાથે રહેવાનું બન્યું ત્યારે અનુભવ્યું કે પૂ.મહાત્માજી તો બધું જ જાણી શકે છે. આ લોકનું તો શું પણ લોકપરલોકમાં વિચરણ કરનારા જીવોને પણ જાણે છે ! તેમનો સંપર્ક કરી શકે છે. એ તેમને પણ પોતાની રીતે મદદ કરે છે. એવી એમની દિવ્ય દૃષ્ટિ છે તે અનુભવ્યું.

ત્રીજી વખતે પૂ.મહાત્માજી કપૂરા આવ્યા ત્યારે સીધા પૂ.બાપુજીના ઘરે ગયા હતા. પ્રવચન ત્યાં જ રાખ્યું હતું. ભક્તજનો ત્યાં જ ભેગા થયા હતા. છેલ્લે મહાત્માજીએ કહ્યું કે, “આ સરોજબેન, સરોજબેન નથી પણ દેવી છે દેવી.” “એ તો સર્વત્ર પૂજાશે. ગામના જોગી જોગટા લાગે તેના જેવું છે ! પણ પાછળથી ઓળખશો.”

**—શ્રી શારદાબેન ભક્ત(કર્પૂરવન-અમેરિકા)**



## ૪૬
# ॥ શ્રી રામકૃષ્ણદેવે ગુરુ મોકલી આપ્યા ॥

૧૯૭૭માં રાજકોટના પંચનાથ મંદિરમાં શાંતિભાઈ યોગેશ્વર પ્રભુનાં પ્રવચન સાંભળવા ગયા. બસ તે જ એક મુલાકાત ! ત્યાં પ્રવચનમાં પૂજ્ય શ્રી યોગેશ્વર પ્રભુએ જાહેરાત કરેલી કે બે મહિના પછી ભરૂચમાં અમારી શિબિર છે. તો ત્યાં પણ શાંતિભાઈ ભરૂચ શહેરમાં પહોંચી જાય છે.

પૂજ્ય શ્રી યોગેશ્વર પ્રભુનાં પ્રવચન અને તેમનું હલનચલન જોઈને શાંતિભાઈને થતું કે રામકૃષ્ણદેવે મારી પ્રાર્થના સાંભળી મારા માટે આ ગુરુ મોકલી આપ્યા છે.

શાંતિભાઈને મનોમન પ્રાર્થના થતી કે ‘હે પ્રભુ, મારા શરીરથી અને સંપત્તિથી જે કંઈપણ સેવા થાય એ કરાવી લેજો.’

આવો સંકલ્પ શાંતિભાઈને ભરૂચ શિબિરમાં થયેલો. એ પછી થોડાક મહિનાઓ પછી પૂજ્ય શ્રી યોગેશ્વર પ્રભુ રાજકોટ પધારે છે. શાંતિભાઈ એ કહ્યું હે પ્રભુ, મને કંઈ મંત્રદીક્ષા આપો. એ સાંભળીને પૂજ્ય શ્રી યોગેશ્વર પ્રભુએ કહ્યું કે એના ૪૦,૦૦૦ રૂપિયા થાય.

શાંતિભાઈએ તરત જ હા પાડી કે; ‘હા, પ્રભુ ૪૦,૦૦૦ રૂપિયા આપ્યા.’ શાંતિભાઈને તરત જ થયું કે જે સંકલ્પ ભરૂચની શિબિરમાં કરેલો તેની પરીક્ષા પ્રભુએ રાજકોટમાં આ ચાલીસ હજાર રૂપિયા માગીને કરી લીધી. પૂજ્યશ્રી પ્રભુએ ૪૦,૦૦૦ રૂપિયા લીધા નહિ પણ તેમની જ કૃપાથી શાંતિભાઈનું માનવું છે કે, ‘મારી પાસે આજે જે કંઈ પણ સંપત્તિ છે એ બધી જ એમની કૃપાથી મળેલી છે. મારું એમાં કશું જ નથી.’

**—શ્રી શાંતિભાઈ કનેરિયા(રાજકોટ)**

૪૭

## ॥ 'અમે પણ તમારી સાથે જ હતા' ॥

વર્ષો પહેલાં-લગભગ ૧૯૮૦-૮૧ દરમ્યાન અમદાવાદ ધ્યાનકેન્દ્રના ઉપક્રમે, શ્રી યોગેશ્વર પ્રભુજીનું એમના વતન સરોડા, ગામમાં—સામૈયું—શોભાયાત્રા સવારીમાં ગામપ્રદક્ષિણાનો અને સામૂહિક પ્રસાદનો કાર્યક્રમ સંપન્ન થયો હતો. સંજોગોવશાત હાજર રહી શક્યો ન હતો. પરંતુ આખાયે દિવસ દરમિયાન પ.પૂ.શ્રીયોગેશ્વરજીનું નામસ્મરણ અને (લગભગ દોઢેકવર્ષ અગાઉ અમદાવાદ ધ્યાનકેન્દ્ર આયોજીત એકદિવસીય સરોડાયાત્રામાં જવાનું બનેલ એટલે મનમાં એમનું ઘર, જન્મસ્થાન, સરોડાગામ સ્મૃતિપટ પર છવાયેલું રહ્યું હતું.) પ.પૂ.શ્રીપ્રભુજીની સવારીનું દૃશ્ય મનોમન માણ્યું હતું. જો ભૂલતો ના હોઉં તો આ સમય દરમ્યાન પ.પૂ.પ્રભુજીનો ઉતારો શ્રી નંદુભાઈ ચાવાળાને ત્યાં એમના ઘરે હતો. શોભાયાત્રા પછી પ.પૂ.'મા'અને શ્રીપ્રભુજી શ્રી નંદુભાઈને ત્યાં જ હતા. બીજે જ દિવસે સાંજનો સત્સંગ પૂરો થયો પછી—પ.પૂ.મહાત્માજી સાથે થોડી વાત, સત્સંગ થયો, એ દરમ્યાન, એમને હું શોભાયાત્રા સવારીદિને મારી મનોદશા જણાવતો હતો. ત્યાં જ પ.પૂ.મહાત્માજીએ જણાવ્યું હતું. "અમે પણ તમારી સાથે જ હતા." "મનોભાવ અમને પહોંચે છે જ." આ શબ્દોનું અનુસંધાન, "પ્રાર્થના સંભળાય છે." એનું ગુંજન, હજીયે ચાલુ જ છે.

**—શ્રી સતીશ ભક્ત(અમેરિકા)**



૪૮

## ॥ પ્રભુએ જાણે ભવસાગરથી પાર ઉતારી ॥

પૂ.શ્રી અમદાવાદ સત્યપથમાં બિરાજે છે. હું પ્રભુનાં દર્શન કરવા ગઈ. પૂ.શ્રી સમય થતાં પોતાનું બારણું ખોલે છે. હું સામે જ ઊભી હતી. તો પ્રભુ બોલ્યા, "ઊભા રહો અમે બારણું ખોલીએ પછી જ તમે અંદર આવો. નહિ તો તમને બારણું વાગી જાય ને ?" પ્રભુ નાનકડી બાબતે પણ જાગૃત રહેતા અને કરતા.

એકવાર સત્યપથમાં હું પ્રભુની સામે જ બેઠી હતી. પ્રભુની આંખમાં દવા મૂકવાની હતી. પૂ.'મા' પ્રભુની આંખમાં દવા મૂકતાં સંકોચ અનુભવે છે. ક્યાંક વાગી જાય અને દુઃખે તો ? પૂ.શ્રી તરત જ બોલ્યા, "અમારા જીવનમાં શું અમને ઓછું વાગ્યું છે ? નવ વર્ષના થયા ને જ પિતાજીનો સ્વર્ગવાસ થયો !" મહાત્માજી "ૐ યોગેશ્વરાય નમઃ" બોલ્યા એટલે પૂ.'મા'એ પ્રભુની આંખમાં દવા મૂકી. પ્રભુની આંખમાંથી પાણી નીકળતું હતું તો પૂ.'મા' કહે; 'મહાત્માજી રડે છે.' એટલે મહાત્માજી મારી તરફ આંગળી બતાવીને કહે, "એમની આંખનાં આંસુ અમારી આંખમાં આવી ગયાં." કારણ હું પ્રભુની સામે બેસીને રડતી હતી. અને હળવી રમૂજ કરી મને આનંદથી ભરી દીધી.

પૂ.'મા' જ્યોતિર્મયીના અસ્થિવિસર્જન વખતે પૂ.'મા'-પ્રભુ કરુણા કરી ચાણોદથી કરનાળી પોતાની જ હોડીમાં લઈ ગયાં. જ્યારે મને કહ્યું કે તમારે આજે અમારી હોડીમાં બેસવાનું છે. ત્યારે પૂ.શ્રી સાથે બધાં જ હોડીમાં બેસી ગયા હતાં. હું બાકી રહી હોવાથી હોડીમાં પૂ.શ્રીની સામે જ ઊભી હતી. પૂ.શ્રીની નજીક જગ્યા સરસ હતી. ત્યાં કોઈ જ બેઠું ન હતું. પૂ.શ્રીએ પોતાની અમીભરી દૈવી દૃષ્ટિ અને વરદહસ્તના ઈશારે મને, "અહીં પાસે બેસી જાવ." એમ સૂચવ્યું, પ્રભુએ મને તે દિવસે સાચે જ જાણે તેમના શ્રી અંકમાં બેસાડી ભવસાગરથી પાર ઉતારી !

**—શ્રી સરોજબેન ભક્ત(કર્પૂરવન-અમેરિકા)**

૪૯

# ।। સ્વચ્છતાનો આદર્શ ।।

ભાવનગરમાં મહાત્માજીનાં પ્રવચન ચાલતાં હતાં. નિયમ પ્રમાણે અમે પ્રભુજીને કહ્યું, કે તમે અમારા ઘરે પધારો. પ્રભુ કહે કે અમે તમારા માટે એક દિવસ રાખ્યો છે. પ્રભુ મારે ત્યાં પધાર્યા...ફળ, દૂધ વગેરે પ્રભુને ધર્યું. ચીકુજ્યુસનો ગ્લાસ લઈ પ્રભુ કહે, "તમારી પાસે બીજો ગ્લાસ છે ? લાવો." પ્રભુએ બીજા ગ્લાસમાં તે જ્યુસનો પ્રસાદ આપી બોલ્યા કે "આ પ્રસાદ જે પણ ગ્રહણ કરશે તેનું કલ્યાણ થશે." પ્રભુનો પ્રસાદ અમે ચારે (હું, સાહેબ, બે દિકરીઓ) જણાં ગ્રહણ કરી ધન્ય બન્યાં.

ગાંધીનગરમાં મહાત્માજી અને માતાજી મારે ઘેર પધાર્યા. પ્રભુ અને માતાજીને હું ભોજન કરાવતી હતી. હું પ્રભુ માટે લસ્સી બનાવતી હતી. મેં હાથ ધોઈને જ દહીં વલોવ્યું હતું. અંદર ખાંડ નાંખી હતી. ખાંડમાં કચરો હશે. મેં જોયું ન હતું. પ્રભુ પાસે જ્યારે લઈ ગઈ ત્યાં મને દેખાયો. તેથી મેં આંગળીથી તે કચરો લઈ લીધો. પ્રભુ કહે આ નહિ ચાલે. જગદંબા 'મા' લેવાનાં છે. માટે બીજું દહીં હોય તો બનાવી લાવો. હું બનાવીને લઈ ગઈ. પ્રભુએ કહ્યું "અંદર કદી હાથ નાખવો નહિ. ચમચીથી જે કાંઈ હોય તે લઈ લેવું" સ્વચ્છતાનો આદર્શ પાઠ પ્રભુએ અમને શીખવાડ્યો.

પ્રભુ મારી નાનકડી છોકરીઓને કપડાંની ગડી કઈ રીતે વાળવી તે શીખવાડતા હતા. તેથી એની ઈસ્ત્રી કરવી ન પડે.

**–શ્રી સ્નેહલતાબહેન મહેતા(અમદાવાદ)**



૫૦

# ।। પૂર્વજન્મના પ્રબળ સંસ્કાર ।।

ટોરેન્ટોના બે ત્રણ દિવસના સત્સંગ પછી પૂ.શ્રીએ મને પૂછ્યું, "તમે જપ કરો છો ?" મેં કહ્યું, "હા" "નારાયણના જપ કરું છું." પૂ.શ્રીએ કહ્યું, "સારું વળી બે દિવસ પછી ફરીથી પૂ.શ્રીએ પૂછ્યું, કેમ ? જપ ચાલે છે ને ?" મેં કહ્યું, "હા. પણ નારાયણના નહિ, 'ૐ યોગેશ્વરાય નમઃ'ના જપ એની મેળે જ ચાલુ થઈ ગયા છે." ત્યારે પૂ.શ્રીએ કહ્યું, "એ તો પૂર્વજન્મના સંસ્કારને લઈને બને." આ રીતે પ્રભુએ પોતાનાં દર્શન આપી, નામ દ્વારા મારા હૃદયમાં પ્રવેશ કર્યો.

એક દિવસ પૂ.શ્રી પાસે દીક્ષા લેવાનું મન થયું. મેં પૂ.'મા'ને કહ્યું. પૂ.'મા'એ કહ્યું કે હું પ્રભુને કહીશ. બીજે દિવસે પ્રભુએ મને પૂછ્યું કે, "તમારે દીક્ષા લેવી છે ?" મેં કહ્યું, "હા" "ત્યારે કાલે તમે થોડા વહેલા આવજો" મેં કહ્યું, "કંઈ લઈને આવવાનું છે ?" તો પ્રભુએ ના પાડી.

બીજા દિવસે હું સત્સંગ પહેલાં થોડો વહેલો પહોંચી ગયો. પૂ.શ્રીએ કહ્યું, "તમે આવી ગયા ?" ચાલો આપણે ઉપર જઈએ. અમે પૂ.શ્રીના રૂમમાં ગયા. પૂ.શ્રી નીચે બેઠા અને તેઓની સામે હું બેઠો. થોડીવાર આંખ બંધ કરી ધ્યાનમાં બેઠા અને આંખો ખોલી. પૂ.શ્રીને પ્રણામ કર્યા. અને પૂછ્યું કે, "મારે માળા કરવી કે બીજો કોઈ નિયમ લેવાનો હો તો આપો." પૂ.શ્રીએ કહ્યું, "નવા નિયમની જરૂર નથી. બાવની અઠવાડિયે એક વાર કરવી." પૂ.શ્રીએ મને પૂછ્યું, "તમને કોઈ પ્રાર્થના આવડે છે ?" મેં કહ્યું, "ના. પણ શાન્તાકારમ્...શ્લોક આવડે છે." પૂ.શ્રીએ કહ્યું; 'ચાલશે. એ જ બોલજો.' પૂ.શ્રીનું નજીકનું સાંનિધ્ય મળ્યું. મારા પર પ્રભુએ કૃપા વરસાવી. પરમકૃપાળુ દેવને મારા પ્રણામ !

એક વખત સ્વપ્નમાં ભગવાન નારાયણ તેમજ ભગવાન શ્રીકૃષ્ણનાં દર્શન થયાં હતાં. તે બાબતે મેં પૂ.શ્રીને પૂછ્યું કે તે સાચું હતું કે મનનો કોઈ ભ્રમ હતો ! ત્યારે પૂ.શ્રીએ કહ્યું કે ખરેખર સાચું હતું. મારા મનનું સમાધાન પ્રભુએ કર્યું.

**–સુરેશભાઈ પરીખ(કેનેડા)**

૫૧

## ॥ અદ્‌ભુત વક્તાનું અદ્‌ભુત વક્તવ્ય ॥

કૅનેડામાં નિર્ધારિત સમયે ટી.વી. સ્ટેશન પર પહોંચી ગયેલ, પૂજ્યશ્રીને બાજુના રૂમમાં વક્તવ્યની પૂર્વતૈયારી કરવાનું કહેવામાં આવે છે. પૂ.શ્રીએ કહ્યું તેની કોઈ આવશ્યકતા નથી. પ્રોગ્રામ ડાયરેક્ટર અચંબામાં પડી ગયા. કારણ કે સામાન્ય રીતે સૌ વક્તવ્ય લખીને લાવે છે અને સ્ક્રીન ઉપર રાખીને વાંચતા હોય છે.

પૂજ્યશ્રીએ દિવાળી-નૂતનવર્ષને અનુરૂપ ગુજરાતી તથા અંગ્રેજીમાં પ્રવચન આપ્યું. આંખો બંધ હતી. અમૃતવાણી અસ્ખલિતપણે વહેતી હતી. નિર્ધારિત સમય કરતાં પાંચ સેકંડ પહેલાં વક્તવ્ય સંપૂર્ણ થાય છે. પ્રોગ્રામ ડાયરેક્ટર કહે છે; ‘આવા વક્તા મેં આજ સુધી જોયા નથી. ભાષા, વિષયની રજૂઆત, ચીવટ માટે તે પૂજ્યશ્રીને અભિનંદન આપે છે.’

અમારાથી પૂ.શ્રીને પૂછાઈ ગયું કે, આંખ બંધ હોવા છતાં સમયપાલન કેવી રીતે થયું ? પૂ.શ્રી સસ્મિત જણાવે છે કે; ‘આસન ઉપર બેઠા પછી, પૂ.‘મા’ જગદંબા જ બોલતાં હતાં. શું બોલાયું, કેવી રીતે બોલાયું, બોલવાનું ક્યારે સમાપ્ત થયું તેની મને કાંઈ જ ખબર નથી.’

વાહ ! પ્રભુ, ધન્ય છે તમારી સાધનાને અને ધન્ય છે આપના શ્રી જગદંબા સાથેના સતત સંપર્કને ! આપની મહાનતા, ગહનતા અને વિશેષતા સામાન્ય માનવરૂપ ધરીને આપે કેવી છૂપાવી છે !

પૂ.શ્રીની ટોરેન્ટોની મુલાકાત દરમ્યાન આઠ જ દિવસમાં પૂજ્યશ્રીના ટી.વી. પર પ્રોગ્રામ રજૂ થાય છે. એટલું જ નહિ પૂ.શ્રીનું કાર્ય ‘મા’ જગદંબા સર્વશ્રેષ્ઠ રીતે સંપન્ન કરે છે.

**—શ્રી સુરેશભાઈ શાહ(કૅનેડા)**



૫૨

## ॥ સ્વયં શિવયોગી સાથે યાત્રા ॥

૧૯૮૩ના વરસમાં પૂ.શ્રી‘મા’-પ્રભુ સાથે ગંગાજીની યાત્રા કરી હતી. એ યાત્રા અમારી પૂજ્યશ્રી સાથેની પહેલી જ હતી, જેમાં પૂ.‘મા’-પ્રભુ, શ્રી પરમાર્થી, શ્રી જીતુભાઈ ગાંધી, શ્રી કલ્યાણ અને અમે મોહનલાલ ચિ.તાપસ સાથે સહુ સદ્‌ભાગી ગૃહસ્થીઓનો સંઘ.

આ યાત્રા જ્યાં સ્વયં શિવયોગી ત્યાં શું શીખવાનું ન મળે ? એક પ્રાતઃકાલે પ્રભુદર્શનથી-મંગળાનાં દર્શનથી રાત્રિ સુધીનાં શયનનાં દર્શન માણ્યા ! તે દિવસો ધન્યતાથી ઉભરાતા રહ્યા.

દરરોજ એક નવો પાઠ શીખ્યા. અમારાં ભીખીબાનાં અસ્થિવિસર્જનની ક્રિયા, સ્વયં શ્રીસદ્‌ગુરુ ભગવંતના કરકમળના પવિત્ર સ્પર્શથી પૂર્ણ થઈ, તે સદ્‌ભાગ્ય અમારાં પરિવારને પ્રત્યક્ષ મળ્યું. પૂ.શ્રીની અસીમ કૃપાથી એકાંતમાં જ્યાં ગંગામૈયા શાંત વહેતાં હતાં. શ્રી પંડિતજી આ સ્થળે લાવ્યા હતા, જ્યાં, નિર્જન સ્થળે-ઘુંટણ સુધીનાં પાણીમાં અમે ઉતર્યા. ગંગાજીનો પાવન સ્પર્શ કર્યો. એથી ઉત્તમ સદ્‌ભાગ્ય તો ભીખીબાનું ! જેમનાં, અસ્થિકુંભને આપણાં શ્રી પ્રભુજીએ પકડી રાખ્યો-અને વૈદિક મંત્રોચ્ચાર સાથે જળસમાધિ કરાવી :

પૂ.‘મા’નાં માતાસહિત સહુ આ અતિપવિત્ર મંગળ-પ્રભાતનાં દર્શન-પૂજનનો અનેરો લહાવો લેતાં જ રહ્યાં. આશ્ચર્યચકિત અનેરું દર્શન, જે અવર્ણનીય હતું, હૃદય સામે જ રહ્યું. શાશ્વત બની ગયું.

**—શ્રી સુશીલાબહેન ભક્ત(કર્પૂરવન-અમેરિકા)**

૫૩
# ॥ સાગરે સંતોને સત્કાર્યા ॥

વિવેકાનંદપુરમ્‌માં પૂજ્યશ્રીના રૂમમાં યાત્રાના નિયમ મુજબ સૌ શાંતિથી ધ્યાનમાં બેસી ગયાં. ધ્યાનબાદ તુરત જ પૂ.શ્રી અંગ્રેજીમાં વક્તવ્ય આપવા લાગ્યા. નવ મિનિટના વક્તવ્ય બાદ પૂ.શ્રીએ પોતે જ એ વાતનું સ્પષ્ટીકરણ કરતાં કહ્યું, ''આજે વિવેકાનંદજી બોલવાના હતા. આ આદેશ મને વહેલી સવારે જ મળી ચૂક્યો હતો. હાલ પણ અહીંયાં તેઓ આપણી વચ્ચે જ વિદ્યમાન છે. તેમની ઇચ્છા તમને સૌને સંબોધવાની હતી. તેથી જ આ રીતે મારા દ્વારા સંબોધન કર્યું.''

દક્ષિણ ભારતની યાત્રા કરતાં કરતાં અમે સૌ કન્યાકુમારી પહોંચ્યાં. સાંજનો સમય હતો. અમે સનસેટ પોંઈટ પર બેઠેલા હતા. સામે પૂ.શ્રી બેઠા છે. પ્રકૃતિનાં તત્ત્વો તેમનું દર્શન કરી રહ્યાં હતાં. વાતાવરણ અતિ મધુર અને આનંદિત હતું. સામે સૂર્યનારાયણ સારાય દિવસના પરિશ્રમ બાદ અસ્તાચળ તરફ પ્રયાણ કરી રહ્યા હતા. ત્રણેય સમુદ્રોનું સુભગ મિલન આજ સ્થાન પર થતું હતું. તે દૃશ્ય પણ મનોહારી હતું. ભારતભૂમિનાં પતિતપાવન ચરણોનું ત્રણેય સમુદ્રો પ્રક્ષાલન કરી રહ્યા હતા. સત્સંગ પૂર્ણ થતાં અમે સમુદ્રનાં મોજાંમાં પગ ધોવા ગયાં. સહુએ આવતા જતાં મોજાંઓમાં પગ ધોઈને પાણીની અંજલિ પ્રસાદરૂપે સ્વીકારી.

પૂ.શ્રી અને માતાજી તે વખતે પોતાના સ્થાનમાં જ બેસી રહ્યાં. તેઓ તો આ પાવન સ્થાનમાં વિવેકાનંદજી સાથે વાર્તાલાપ કરી રહ્યાં હતાં. તે વાર્તાલાપ દરમ્યાન વિવેકાનંદજીએ પૂ.શ્રીને કહ્યું, ''તમારે આ બધા ભક્તોની જેમ પાદપ્રક્ષાલન કરવા જવાની જરાય જરૂર નથી.'' અને પૂ.શ્રી ન જ ગયા. થોડી જ વારમાં પચાસેક ફૂટ દૂર રહેલા તેમાંના એક મોજાએ પૂ.શ્રી પાસે આવીને તેમનું તથા માતાજીના ચરણાવિંદનું પ્રક્ષાલન કર્યું. બંને ત્યાં જ ઊભાં હતાં અને તે સ્થાન દૂર હતું છતાં પણ સમુદ્રદેવે આ રીતે સંતોનું સ્વાગત કર્યું.

આમ પ્રકૃતિતત્ત્વો પણ સંતોના ઉપર પૂર્ણકૃપા દાખવતાં હોય છે. તેવા પ્રસંગો યાત્રાઓ દરમ્યાન અમને અનુભવવા મળતા.

**–શ્રી હરિભાઈ ભોજાણી(મોરબી)**



૫૪
# ॥ આત્માઓ સાથે સંવાદની સિદ્ધિ ॥

પરમ પૂજ્ય પ્રભુનો પ્રથમ પરિચય મારી આઠ વર્ષની ઉંમરે થયો. એક વખત સાંજના સમયે પ્રભુ પધારેલા. મારાં માતાપિતા પણ પ્રભુ માટે પ્રેમ રાખતા. નાસ્તામાં ટાઢાં ઢેબરાં, બાકરાં કરેલાં. પણ તેમાં મરચું વિશેષ હતું. પ્રભુએ તેને સાદા પાણીથી ધોઈ કાઢ્યાં. ને પછી આરોગી લીધાં. પણ અન્નનો અનાદર કરી પાછા ન આપ્યાં.

પ.પૂ.યોગેશ્વરજી પાસે લોકોત્તર શક્તિ હતી. ૧૪ લોકમાંથી શુભ આત્માઓ સાથે પોતાની સિદ્ધિ વડે પોતે ધારે ત્યારે સંપર્ક કરી શકતા. તે આત્માઓને નીચે (પૃથ્વીલોકમાં) બોલાવી શકતા. છતાં પૂ.મહાત્માજીએ ક્યારેય એ અષ્ટસિદ્ધિનો પ્રયોગ કર્યો નથી. કેટલાક શરણાગત જીવોને મદદરૂપ થવા તે શક્તિ છે તેવું દર્શાવ્યું હતું. પૂ.યોગેશ્વરજી એક મહામાનવ હતા અને સામાન્ય માણસને આપણી રીતે મદદરૂપ થવું એમ માનતા. એક આદર્શ માનવને છાજે તેવો તેમનો વ્યવહાર હતો. તેઓ અતિ સરળ, સહજ અને ગંભીર છતાં પ્રેમાળ હતા, પણ અભિનય તો આદર્શ માનવનો જ.

એક વખત બ્રહ્મપુરી જ્યારે ધનેશ્વરભાઈને ત્યાં યજ્ઞ હતો. ત્યારે પ્રભુ પધારેલા. તે વખતે અમારા ઘરમાં નિવાસ હતો ત્યારે એક વાગે સૌ તેમની સાથે બેઠેલાં હતાં. તેમણે કહ્યું, ''ચૌદ બ્રહ્માંડની વાત તદ્દન સત્ય છે.'' તે વિશે ઘણી વાતો કરી. તે વાતની પ્રતીતિ કરાવતો એક પ્રસંગ છે. અમારા પિતાજીના સ્વર્ગવાસ પછી અમારા પિતાજી તપલોકમાંથી સૂક્ષ્મ સ્વરૂપે પૂ.યોગેશ્વરજીનાં દર્શન કરવા આવેલા. તેમણે પૂ.પ્રભુને અમારા કુટુંબના સભ્યો માટે સંદેશ પણ લખાવ્યો હતો જે આજે પણ સ્મરણરૂપે રાખી મૂકેલ છે.

**–શ્રી હરિશ્ચન્દ્ર જાની(મુંબઈ)**

૫૫

## ॥ તમે જ તમારા પર કૃપા કરો ॥

સૂરત શિબિર પછી પૂ.મા-પ્રભુ આદર્શ કોલોનીમાં રોકાયાં હતાં. પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ હતો. તેથી મેં મારો પ્રશ્ન કાગળમાં લખી આપ્યો. મારી અનેક મૂંઝવણો હતી તે અંગે હું પૂ.શ્રીને જ પ્રાર્થના કરતો હતો. તેથી મેં પ્રશ્ન પૂછ્યો, ''પ્રાર્થના સંભળાય છે ખરી ? અને જો સંભળાતી હોય તો પ્રત્યુત્તર કેમ આપતા નથી ?'' જેવો મારો પ્રશ્ન વાંચ્યો પછી પૂ.શ્રી કહે, ''કોનો પ્રશ્ન છે ?'' હું ઊભો થયો. પ્રણામ કર્યા. પૂ.પ્રભુ સ્પષ્ટ શબ્દોમાં મારી સામે આંગળી ચીંધી બોલ્યા, ''ટેલીફોનની ઘંટડી લાઈન બગડેલી હોય તો વાગતી નથી. એકવાર લાઈન સુધારીને પછી ડાયલ ફેરવીએ તો તરત રીંગ વાગે. પહેલાં તમારી લાઈન સુધારો સમજ્યા !'' મારા ધારવા કરતાં જવાબ પૂ.શ્રી એ જવાબ જે રીતે આપ્યો કે મને કાપે તો લોહી ન નીકળે, બધાંની વચ્ચે મારા અહંકાર પર ઘા કર્યો. અને મને સાચા અર્થમાં શરણે લીધો તે આજે સમજાય છે.

સાંજની બેઠકમાં મેં ફરી ક્ષમાયાચના કરતો પત્ર લખ્યો. પ્રભુએ પત્ર વાંચ્યો. પ્રભુ સમજી ગયા કે પત્ર કોનો છે. તેઓ બોલ્યા, ''અમે કચરાપેટીને સંઘરતા નથી. તમે જ તમારી જાત ઉપર કૃપા કરો. હા, અમે જગદંબાને તમારા માટે જરૂર પ્રાર્થના કરીશું. પરંતુ મુખ્યત્વે તો તમારે જ 'મા' જગદંબાને પ્રાર્થના કરવાની છે.''

આ રીતે પૂ.શ્રીએ ખૂબ તટસ્થ રીતે જે યોગ્ય હતું તે જ મને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું. મને મારી ભૂલ સમજાઈ અને હું ફરી પ્રાર્થના સાધનને અનેકગણી શ્રદ્ધાથી કરવા માંડ્યો.

**–ડૉ. હરેન્દ્ર સુતરિયા(ઝણોર)**

૫૬

## ॥ જડ વસ્તુ સાથે જીવંત વ્યવહાર ॥

૧૬ ડિસેમ્બર, ૧૯૭૬ સનાતન હૉલમાં પ્રભુને હું પહેલીવાર મળ્યો. પ્રવચનમાં પ્રભુએ કહ્યું કે છોકરાઓએ સિનેમા જોવા ન જોઈએ. તો એક વર્ષ સુધી ન જોવાનો સંકલ્પ કર્યો. અને તે પાળ્યો. બીજા વર્ષે એક વર્ષ સુધી. આ રીતે ઘણાં વર્ષો સુધી પ્રભુની કૃપાથી સિનેમાના સંસ્કારથી બચી શક્યો.

પ્રભુ કોઈવાર મને પત્ર લખાવતા. તો એકવાર મારી જોડણીમાં ભૂલ થઈ. 'આશીર્વાદ' શબ્દની રેફ હું ભૂલી ગયો. તો પ્રભુ કહે, ''આ શબ્દનો આખો અર્થ જ બદલાઈ જાય. અને ઉચ્ચાર પણ જુદો થાય.'' બધી જ બાબતમાં પ્રભુ ચોક્કસ હતા. પ્રભુનું નાનકડું કામ પણ જીવનઘડતર માટે ખૂબ જરૂરી હતું.

શેતરંજીની ગડીવાળી હોય અને બરાબર ના વળાય તો ફરીવાર બરાબર વળાવીને જ મૂકાવતા. પૂ.'મા'નું નાનકડું આસન હતું. પૂ.શ્રીનો પગ સ્હેજ અડી ગયો. પ્રભુ તેને પગે લાગ્યા અને કહ્યું, ''એ બિચારું બોલ્યા વગર કેવી સેવા આપે છે.'' પ્રભુનો વ્યવહાર જડ જણાતી વસ્તુ સાથે પણ જીવંત હતો.

હું વિદ્યાર્થી હતો તેથી પ્રભુ મને કાયમ અભ્યાસ માટે પૂછતા. અભ્યાસ માટે પ્રભુએ મને પૈસાથી ઘટતી મદદ કરી છે. એક ટર્મના પૈસા પ્રભુ આપતા. અને એક ટર્મના પૈસા અમારા સમાજમાંથી મળતા. આજે ડૉ.હિમાંશુ પ્રભુની કૃપાને જ આભારી છે. મારી કૉલેજના ડૉનેશનના પૈસાની રકમ પણ પ્રભુએ મને આપેલી. એ રીતે વર્ષો સુધી પ્રભુએ મને પૈસાની મદદ કરી. પ્રભુ અને પૂ.'મા'ના જીવનમાં મેં જોયું અને અનુભવ્યું છે કે સમાજ પાસેથી જે સત્કર્મની રકમ આવે તે ખૂબ પ્રામાણિકતાથી, જેને ખરેખર જરૂરી છે તેને આપતાં. પ્રભુના જીવનમાં દાનની પ્રવૃત્તિ કાયમ જ જોવા મળતી. પ્રભુના જીવનના દરેક ક્ષેત્રે કંઈક શીખવા મળે જ છે.

**–શ્રી હિમાંશુભાઈ(સુરત)**